Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 74 Dt.07-01-2023 (Saturday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# રાજકોટમાં આજે રોમાંચક ટી-૨૦ જંગ



**સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના મેદાન પર પહેલીવાર સ્પાઈડર કેમેરાનો ઉપયોગ**

## ટીમ ઈન્ડિયા ઘરઆંગણે સતત બારમી શ્રેણી જીતવા અને શ્રીલંકા સાત વર્ષ બાદ પહેલીવાર શ્રેણી જીતવા મેદાનમાં ઉતરશે

**સાંજે ૭ વાગ્યાથી ખંઢેરીના સ્ટેડિયમ પર ભારતનો શ્રીલંકા સાથે દિલધડક મુકાબલો**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૭

રાજકોટના ખંઢેરી સ્ટેડિયમ પર આજે સાંજે ૭ વાગ્યાથી ભારત અને શ્રીલંકા વચ્ચે રોમાંચક ટી-૨૦ મેચનો પ્રારંભ થશે. વર્તમાન ૩ મેચની શ્રેણીનો આ છેલ્લો મેચ ફાઈનલ જેવો બની ગયો હોવાથી ક્રિકેટપ્રેમીઓને દિલધડક, રોમાંચક અને શાનદાર ક્રિકેટ મુકાબલાનો રોમાંચ માણવાની તક મળશે. ટીમ હાર્દિક પંડ્યા શ્રેણી વિજય મેળવવાના ઝૂનુન સાથે મેદાને પડવા માટે અધીરી બની છે. ત્યારે સ્ટેડિયમમાં ઉપસ્થિત રહેનારા ૨૫ હજારથી વધુ દર્શકો માટે આજની ટી-૨૦ જંગ પૈસા વસુલ મેચ બની રહેશે તેમાં શંકા નથી. સૌરાષ્ટ્રમાંથી પણ મોટી સંખ્યામાં ક્રિકેટચાહકો મેચ જોવા આવી પહોંચ્યા છે. ભારતીય ટીમ રંગીલા રાજકોટને વિજયની ભેટ આપી રાજકોટની ધરતી પર ટ્રોફી ઊંચકે તેવી હજારો- લાખો ક્રિકેટચાહકોને આશા છે.

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનનું સ્ટેડિયમ ભારત માટે ખૂબ જ લક્કી રહ્યું છે. અહીંની પીચ પણ બેટધરો માટે મહત્વની ગણાય છે. એટલે ચોગ્ગા- છગ્ગાની રમઝટ માટે રનોનું રમખાણ મચી જવાની પૂરી શક્યતા છે. એટલે ક્રિકેટચાહકો ભારતીય ટીમના સુકાની હાર્દિક પંડ્યા, સૂર્યકુમાર યાદવ, ઈશાન કિશન અને દીપક હુડાના બેટમાંથી ચોગ્ગા- છગ્ગાની રમઝટ મચવાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. બીજીતરફ અક્ષર પટેલ, તોફાની બોલર ઉમરાન મલિક અને ચહલની બોલિંગ શ્રીલંકાને પરાસ્ત કરે એવી ક્રિકેટચાહકોને આશા છે.

વર્તમાન ટી-૨૦ શ્રેણીમાં બંને ટીમો એક-એક મેચ જીતી ચુકી છે. એટલે આ મેચમાં જોરદાર મહામુકાબલો થવાથી અત્યારથી ક્રિકેટચાહકોમાં ગરમાવો આવી ગયો છે. ટીમ ઈન્ડિયા ઘરઆંગણે સતત બારમી શ્રેણી જીતવા આતુર છે. એટલે શ્રીલંકાને વિજય મેળવતા રોકવા હાર્દિકની ટીમ આજે પુરેપુરી જોર લગાવી દેશે અને ઝૂનુન સાથે મેદાનમાં ઉતરશે. શ્રીલંકા ૭ વર્ષથી ભારતમાં શ્રેણી જીતી શક્યું નથી એટલે આજે વિજય મેળવી ટ્રોફી ઊંચકવા માટે કોઈ કસર છોડશે નહીં.

ભારતીય ટીમને શ્રેણી વિજય મેળવવો હોય તો ટીમના

(અનુ.પાના નં.૪ ઉપર)

## ચાઈનીઝ રમકડા પર સર્જીકલ સ્ટ્રાઈક, ચારેતરફ દરોડા

### હલકી ગુણવત્તાનો માલ–સમાન દેશમાં ઘુસાડી દેવાના ગોરખધંધાનો પર્દાફાશ



(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૭

ચીન સાથેના સરહદી વિવાદને કારણે તંગ સંબંધોથી કેન્દ્રની મોદી સરકારે ચાઈનીઝ માલ સામે ઝુંબેશ કરી જ છે ત્યારે હવે ચાઈનીઝ રમકડા પર સર્જીકલ સ્ટ્રાઈક કરવામાં આવી હોય તેમ દિલ્હી, મુંબઈ, કોલકતા સહિત દેશભરમાં દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી તેમાં હલ્કી ગુણવતાના ચાઈનીઝ રમકડાનો પર્દાફાશ થયો હતો.

બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાંડર્ડ (બીઆઈએસ)ના વડા પ્રમોદકુમાર તિવારીએ કહ્યું કે દિલ્હી, મુંબઈ, કોલકતા, બેંગ્લોર સહિત દેશના મોટા એરપોર્ટ તથા મોટા મોલમાં રહેલા રમકડાના આઉટલેટસ પર દેશવ્યાપી દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આવતા દિવસોમાં આ પ્રકારના દરોડા ચાલુ રાખવામાં આવશે. રેડ દરમ્યાન હલ્કી ગુણવતાના રમકડા મળતા તે જપ્ત કરવામાં આવ્યા હતા. તેઓએ કહ્યું કે ચોકકસ તત્વો દ્વારા ચીનથી ભારતમાં હલ્કી

(અનુ.પાના નં.૪ ઉપર)




## હવે BRTS રૂટ પર વાહન ચલાવનારાની ખેર નથી

### અમદાવાદમાં નિયમ ભંગ કરતા વાહનચાલકો સામે જોરદાર કાર્યવાહી



(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૭

રાજકોટ હોય કે અમદાવાદ રાજયના મહાનગરોમાં બીઆરટીએસના રૂટ પર વાહનો ચલાવવાનું દુષણ દિવસે દિવસે વધી

**અમદાવાદમાં બીઆરટીએસ રોડ પર વાહન ચલાવનારા સામે ઝુંબેશમાં ૧૯૦ વાહનો ડીટેઈન**

રહ્યું હોવાથી દરરોજ નાના-મોટા અકસ્માતો થતા રહે છે. બીઆરટીએસ રૂટ પર વાહન ચલાવવાનું હવે મોંઘુ પડી શકે છે. આવા વાહન ચાલકો સામે અમદાવાદમાં ટ્રાફિક પોલીસ અને બીઆરટીએસ દ્વારા સંયુકતપણે જોરદાર કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. એકલા અમદાવાદમાં આવા ૧૯૦ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા. રાજકોટ જેવા શહેરોમાં પણ વહેલીતકે આવી ઝુંબેશ ચાલુ કરવામાં આવે તેવી માંગણી લોકો કરી રહ્યા છે.

અમદાવાદમાં અવારનવાર વાહનચાલકો બીઆરટીએસના રૂટ પર જ વાહન ચલાવતા દેખાય છે અને નિયમો તોડતા દેખાય છે. જેના કારણે વારંવાર અકસ્માતો થતા રહે છે. શહેરીજનોની સુવિધા માટે જ બીઆરટીએસના

(અનુ.પાના નં.૪ ઉપર)

## દક્ષિણ ગુજરાતમાં માંગ ઘટતા ૨૦ જેટલા ટેક્ષટાઈલ પ્રોસેસિંગ યુનિટને તાળા લાગ્યા

(એજન્સી સમાચાર)

સુરત, તા.૭

વિશ્વવ્યાપી મંદી વચ્ચે પણ સુરતનો વિશ્વવ્યાપી કાપડ ઉદ્યોગ ટકી રહ્યો હોવા છતાં છેલ્લા કેટલાક સમયથી માંગમાં ભારે ઘટાડો થયો છે. જેના કારણે ૨૦ જેટલા ટેક્ષટાઈલ પ્રોસેસિંગ યુનિટને તાળા લાગી ગયા હોવાનું વેપારી વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ૪૦૦ જેટલા યુનિટ તેમાંથી ૨૦ જેટલા મોટા યુનિટ બંધ થઇ ગયા છે. આ ૨૦ યુનિટની ઉત્પાદન ક્ષમતા દૈનિક ૧ લાખ મીટરની હતી અને રૂ.૫ કરોડનું માસિક ટર્નઓવર થતું હતું. આ તમામ યુનિટ છેલ્લા કેટલા સમયથી ખોટ સહન કરીને ચાલુ રાખવામાં આવ્યા હતા. ૩ યુનિટ



એવા છે જે લોન પરત ન કરી શકતા બેંકો દ્વારા સીલ કરવામાં આવ્યા છે. વેપારી વર્તુળોએ જણાવ્યા મુજબ સાડીની માંગમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

અમદાવાદમાં કોઈ આવા યુનિટ બંધ થયા નથી પણ એમને કામગીરીમાં ઘટાડો કરવાની ફરજ પડી રહી છે. કેટલાક આવા યુનિટ ૩૦ ટકા ક્ષમતા જેટલું જ કામ કરી રહ્યા છે. કપાસના ભાવ વધતા જતા હોવાથી પણ ફટકો પડી રહ્યો છે.(૨.૧૨)

## અમદાવાદના બહુમાળી રહેણાંક બિલ્ડીંગમાં આગ લાગતા ફસાયેલી તરૂણીનું કરૂણ મોત



### ફાયરબ્રિગેડ ટીમે પરિવારના ૪ સભ્યોને બચાવી લીધા પણ કમનશીબે બાળાને ઉગારી ન શકાઈ, ભારે અરેરાટી

(એજન્સી સમાચાર)

અમદાવાદ તા.૭

અમદાવાદમાં આજે શાહીબાગ વિસ્તારમાં એક બહુમાળી ફલેટ સાવરમાં સાતમા માળે આગ લાગતા ૧૫ વર્ષની ટીનએજર ફસાઈ ગઈ હતી જેને ઉગાર્યા બાદ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાતા તેમનું મૃત્યુ થયું હતું. જયારે પરિવારના ચાર સભ્યો બહાર નીકળવામાં સફળ રહ્યા હતા. પ્રાંજલ નામની આ તરૂણી આગની વચ્ચે ફસાઈ જતા તેને ઉગારવા માટે ફાયરબ્રિગેડના જવાનોએ જબરી મહેનત કરી હતી.

પરંતુ આગના લબકારા વચ્ચે પ્રાંજલ ફસાઈ ગયા બાદ તેને ઉગારવાનું મુશ્કેલ થયુ હતું તેમ છતાં ફાયરબ્રિગેડના જવાનોએ જોખમી રીતે પણ પ્રાંજલ સુધી પહોંચીને તેને બહાર લઈ આવ્યા હતા પરંતુ સારવારના અંતે તેનું મૃત્યુ થયું હતું. ફાયરબ્રિગેડના જવાનોએ આઠમાં માળે પહોંચીને દોરડાની મદદથી સાતમાં માળમાં દરવાજો તોડી અંદર દાખલ થયા હતા.

## મે-જૂન મહિનામાં દેશમાં ઈ-પાસપોર્ટ બનવા શરૂ થઈ જશે

### ઈ–પાસપોર્ટની બુકલેટ પર રેડિયો આઈડેન્ટીફિકેશન ચીપ લાગશે



(એજન્સી સમાચાર)

નવી દિલ્હી તા.૭

દેશમાં આ વર્ષે મે-જૂન સુધીમાં નાગરિકો માટે ઈ-પાસપોર્ટ બનવા શરૂ થઈ જશે. તેના માટે વિદેશ મંત્રાલય એનઆઈસી અને એનઆઈસી સર્વિસીઝ વચ્ચે ટૂંક સમયમાં એક ત્રિ-પક્ષીય સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવશે. આ ઈ-પાસપોર્ટની બુકલેટ પર એક રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટીફિકેશન (આરએફઆઈડી) ચીપ લાગેલી હશે.

વિદેશ મંત્રાલય તરફથી સંસદની સમિતિને આપવામાં

(અનુ.પાના નં.૪ ઉપર)





# રાજકોટ જિલ્લામાં બાળકીના જન્મદરમાં સતત વધારો

## જેન્ડર રેશીયોમાં છેલ્લા પાંચ વર્ષથી સુધારો : ૧૦૦૦ બાળકના જન્મદર સામે બાળકીનો જન્મદર ૮૮૬ થી વધીને ૯૨૫ સુધી પહોંચ્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ.તા.૭

દીકરીઓના ઓછા જન્મદરથી ચિંતિત સમાજ માટે ખુશીના સમાચાર છે કે, રાજકોટ જિલ્લામાં બાળકીના જન્મ દરમાં સતત વધારો થઈ રહ્યો છે.

અને હવે જેન્ડર રેશીયોમાં છેલ્લા પાંચ વર્ષથી સુધારો થઈ રહેલો જોવા મળે છે. ૧૦૦૦ બાળકના જન્મદર સામે બાળકીનો જન્મદર ૮૮૬ થી વધીને ૯૨૫ સુધી પહોંચ્યો હોવાનું નોંધાયું છે તો ૨૦૨૧ - ૨૨ માં ૧૪,૧૮૩ પુરૂષ અને ૧૩,૧૧૭ સ્ત્રીની જન સંખ્યા વધી હોવાનું સામે આવ્યું છે. રાજ્ય સરકારની બેટી બચાવો ઝુંબેશ સફળ રહી હોય તેમ રાજકોટ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષથી જેન્ડર રેશીયોમાં સતત સુધારો થઈ રહ્યો છે. અગાઉ સ્ત્રી બાળ



જન્મદર સામે પુરૂષ બાળનો જન્મદર ઉંચો હતો તેની જગ્યાએ ગત સાલ ૧૦૦૦ બાળકના જન્મદર સામે બાળકીનો જન્મદર ૮૮૬ થી વધીને ૯૨૫ થયો હતો.

જયારે વયસ્ક સ્ત્રી પુરૂષની જન સંખ્યાનો વધારો જોઈએ તો પુરૂષની સંખ્યા ૧૪૧૮૩ અને સ્ત્રીની જન સંખ્યા ૧૩૧૧૭ વધી હોવાનું નોંધાયું હતું.

રાજકોટ જિલ્લાની વાત કરીએ તો, રાજકોટ જિલ્લામાં સ્ત્રી જન્મદર ૨૦૧૮ માં ૧૦૦૦ પુરૂષે ૮૮૬ જેટલો નીચો હતો જેમાં સુધારો જોવા મળ્યો છે અને ૨૦૨૧-૨૨ માં આ રેશીયો વધીને ૧૦૦૦ એ ૯૨૫ નો થયો છે.

સ્ત્રી ભૃણ હત્યા રોકવા માટે કડક કાયદાઓ અને ગર્ભ પરીક્ષણ કરનારાઓ સામે તવાઈ ઉતારીને ગેરકાયદે કામગીરી કરનાર સામે કડક કાર્યવાહીના કારણે આ ખુશીના સમાચાર સાંભળવા મળ્યા છે.

ગર્ભ પરીક્ષણ કરનારાઓ સામે તવાઈ ઉતારીને ગેરકાયદે કામગીરી કરનારાઓને અંકુશીત કરાતા ગર્ભ સંવેદનશીલ બનતા આ સુધારો થયાનું પરીક્ષણ ઘટતા અને લોકો પણ જાગૃત બનતા આ રેશિયો સામે આવ્યાનું જિલ્લા પંચાયતના આરોગ્ય અધિકારી ડો.રાઠોડે અભિપ્રાય આપતા જણાવ્યું હતું.

બેટી બચાવો અભિયાન કામ કરી રહ્યું હોવાનું ડી.ડી.ઓ.એ જણાવ્યું હતું. રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીએ કહ્યું હતું કે,બેટી બચાવો બેટી પઢાવો અભિયાનથી જન જાગરણ થતા લોકો જાતિ પરીક્ષણથી દુર થતા જાય છે.બાળકીના જન્મને પણ અપનાવવા લાગતા સુધારો થયો છે.આરોગ્ય તંત્ર દ્વારા પણ આ માટે સારા પ્રયાસો થયા છે તે અભિનંદનને પાત્ર હોવાનું રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીએ કહ્યું હતું

**રાજકોટ જિલ્લામાં જેન્ડર રેશીયો**

| વર્ષ | પુરૂષ જન્મ | સ્ત્રી જન્મ | રેશીયો |
|---|---|---|---|
| ૨૦૧૮-૧૯ | ૧૬૦૫૫ | ૧૪૨૨૩ | ૮૮૬ |
| ૨૦૧૯-૨૦ | ૧૪૫૭૭ | ૧૩૬૬૫ | ૮૮૯ |
| ૨૦૨૦-૨૧ | ૧૩૪૬૭ | ૧૩૧૧૭ | ૯૧૨ |
| ૨૦૨૧-૨૨ | ૧૪૧૮૩ | ૧૩૧૧૭ | ૯૨૫ |
| ૨૦૨૨-૨૩ | ૯૭૪૪ | ૮૮૨૩ | ૯૦૫ |

# આંગણવાડીના બાળકોના આરોગ્યની દર છ મહીને કરાતી વિનામૂલ્યે ચકાસણી

## ‘રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ’ અંતર્ગત જામ કંડોરણાના ચારેલ ગામના કામરાજની જન્મ જાત મુકબધિરતાની ક્ષતિ દૂર થઇ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૭

માનવ જીવનમાં શરીરના દરેક અંગનું મહત્વ હોય છે ત્યારે જો કોઈ અંગ ખામી યુક્ત હોય તો જીવનમાં નાની-મોટી તકલીફો પડતી હોય છે.ઘણીવાર સામાન્ય જીવન ન જીવી શકવાના કારણે જીવન પ્રત્યે અણગમો પણ થતો હોય છે. તેવા સંજોગોમાં જો સમયસર ઈલાજ અને સારવાર મળે તો જીવન પ્રફુલ્લિત થઈ ઉઠે.

આવું જ કંઈક બન્યું છે રાજકોટ જિલ્લાના જામ કંડોરણા તાલુકાના ચારેલ ગામના એક ખેડૂત પરિવાર સાથે.

આજથી ત્રણેક વર્ષ પહેલા ખેડૂત પરિવારમાં એક સુંદર બાળકનો જન્મ થયો. બાળકના પિતા શિવરાજસિંહ જાડેજા અને પરિવારજનોએ ખૂબ જ હરખભેર તેનું નામ કામરાજ પાડ્યું.આડોશી-પાડોશી તથા સગા-વ્હાલા સૌ કોઈનો લાડકવાયો કામરાજ દોઢ-બે વર્ષનો થયો ત્યારે તેના હાવભાવ, પ્રતિક્રિયા, હલન ચલન વગેરેના અવલોકનમાં કામરાજને બોલવા અને સાંભળવામાં તકલીફ હોવાનું પરિજનોને લાગ્યું. તા.૧૦.૦૭.૨૧ ના રોજ ચારેલ ગામની આંગણવાડીની મુલાકાતે આવેલ રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની ટીમે આ બાળકનું શારીરિક પરીક્ષણ કરતાં જણાયું કે, આ બાળક જન્મથી જ મૂકબધિરતાની ખામી ધરાવે છે.દીકરો મૂકબધિર હોવાની જાણ થતા જ કામરાજના પરિવારજનો અત્યંત દુ:ખી થઈ ગયા.

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ ટીમના ડો.દાનસિંહ ડોડિયા અને ડો.શીતલ સરીખડાએ ખૂબ જ સહાનુભૂતિપૂર્વક આ પરિવારને સમજાવવાના પ્રયત્નો કર્યા.સમયસર સારવારથી અનેક બાળકો સાંભળતા - બોલતા પણ થઈ ગયા હોવાના કિસ્સા- દાખલાઓ સંભળાવી કામરાજના માતા-પિતાને હિંમત આપી કે ઈલાજ અને સારવારથી કામરાજ ખૂબ જ ઝડપથી તેમનો પુત્ર સાંભળતો અને બોલતો થઈ જશે.પરંતુ વર્ષે દહાડે ખેતીમાંથી મળતી ૫૦ હજાર જેટલી આવક મેળવતો પિતા સારવારનો આઠ-નવ લાખ રૂપિયાનો ખર્ચ કઈ રીતે કરી શકશે, તેની ચિંતામાં ગરક થઈ ગયો. આર.બી.એસ.કે. ટીમે તેના ચિંતાતુર પિતાને સમજાવ્યું કે, ‘‘શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ’’ એ નેશનલ હેલ્થ મિશન અંતર્ગત સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય,કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતી અને રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાતી મહત્વાકાંક્ષી યોજના છે.જે અંતર્ગત જન્મથી ૧૮ વર્ષ સુધીની વયદમર્યાદાના બાળકોમાં જન્મથી જ રહેલ ખોડ ખાપણ, રોગો, અપૂર્ણતાઓ અને શારીરિક વિકાસમાં વિલંબ આ ચાર આધારે બાળકોને અલગ તારવીને તેમનો રાજ્ય સરકાર દ્વારા નિ:શુલ્ક ઈલાજ અને સર્જરી કરવામાં આવે છે.જેથી તમે બાળકના ઓપરેશનના ખર્ચની કોઈ પણ જાતની ચિંતા કરશો નહીં. કામરાજને રાજકોટ પી.ડી.યુ.હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યો,જયાં તા.૧૩.૦૯.૨૦૨૨ ના રોજ ઈ.એન.ટી વિભાગના નિષ્ણાંત તબીબો અને સેવાભાવી સ્ટાફની મદદથી કામરાજના કાનનું (કોકલેયર ઈમ્પ્લાન્ટ) સફળ ઓપરેશન કરવામાં આવ્યું. હાલ સ્માઈલ કેર સ્પીચ અને હિયરિંગ કિલનિકમાં કામરાજને બોલતો - સાંભળતો કરવા માટેની સારવાર (સ્પીચ થેરાપી) કરવામાં આવી રહી છે. કામરાજની સારવારથી અત્યંત આનંદિત પરિજનો તથા માતા-પિતાએ ખૂબ જ ભાવવિભોર થઈને આરોગ્ય તંત્ર, શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અને તેની સાથે જોડાયેલા તમામ તબીબો અને આર.બી.એસ.કે ટીમના સદાય ઋણી રહેશે તેવો કૃતજ્ઞતા ભાવ વ્યક્ત કર્યો હતો.

# રાજકોટ માર્કેટ યાર્ડમાં જૂવારના ભાવ ઉંચકાયા

## જુવાર ઘઉં કરતા મોંઘી : મણના રૂ.૭૫૦ થી ૯૫૧, લોકવન ઘઉં રૂ. ૫૨૫ થી ૫૭૫, ટૂકડા રૂ. ૫૨૫ થી ૬૨૧

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૭

રાજકોટ માર્કેટ યાર્ડમાં ગરીબોનું અનાજ ગણાતી જૂવારના ભાવ ઉંચકાયા હતા.રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં જુવાર ઘઉં કરતા મોંઘી બની હતી અને એક મણના રૂ.૭૫૦ થી ૯૫૧ બોલાયા હતા જ્યારે લોકવન ઘઉં રૂ.૫૨૫ થી ૫૭૫ થી વેચાયા હતા તો ઘઉં ટૂકડાના રૂ.૫૨૫ થી ૬૨૧ ઉપજ્યા હતા.

ગરીબોનું અનાજ ગણાતી જૂવારના ભાવની ડીમાંડ વધતા ઉચકાવા લાગ્યા છે. આજે સફેદ જૂવાર નો ભાવ રૂ. ૭૫૦ થી ૯૫૧ સુધી બોલાયો હતો.

જૂવારની ૧૦૦ કિવન્ટલની



આવક હતી.સફેદ જૂવાર ઉપરાંત પીળી જૂવારમાં પણ ૫૨૫ થી ૬૨૧ સુધીના ભાવ હોલસેલ બજારમાં જોવા મળ્યા હતા. જૂવારના ભાવ કરતા લોકવન અને ટુકડા બંને ઘઉંના ભાવ નીચા જોવા મળ્યા હતા.

રાજકોટ માર્કેટ યાર્ડમાં લોકવન ઘઉંની આવક ૪૫૦ કિવન્ટલ અને ભાવ ૫૨૦ થી ૫૭૫ અને ટૂકડાનો ભાવ ૧૨૦ કિવન્ટલની આવક સાથે રૂ.૫૨૫ થી ૬૨૧ સુધીનો ૨૦ કિલોનો નોધાયો હતો. જૂવાર સફેદની આવક ૧૦૦ કિવન્ટલ અને પીળીની આવક ૨૦ કિવન્ટલ નોંધાઈ હતી.ઘઉં ઉપરાંત બાજરીનો ભાવ પણ જૂવાર કરતા નીચો હતો.બાજરીની આવક ૩૦ કિવન્ટલ સાથે ૩૨૫ થી ૪૭૫ જોવા મળ્યો હતો.જૂવાર અને બાજરી બંને ગરીબોના ધાન ગણાય છે પણ તેના ભાવ ઓછી આવકો વચ્ચે વધેલા હતા. રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં હાલ જુવાર ઘઉં જેવા ધાન્યોની આવક થઈ રહી છે.

# “બેટી બચાવો,બેટી પઢાવો“ અભિયાનને વેગવાન બનાવવા કલેક્ટરની હાંકલ

## દરેક ગામના દરેક ઘર પર દીકરીનું નામ લખાય તે માટે ઝૂંબેશ હાથ ધરાશેઃ ૬૦૦ ગામમાં ૭૫ – ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે તૈયાર કરાશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૭

રાજકોટ જિલ્લામાં ‘‘બેટી બચાવો,બેટી પઢાવો‘‘ અભિયાનને વેગવાન બનાવવા રાજકોટ જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુએ યોજાયેલ બેઠકમાં હાંકલ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે રાજકોટ જિલ્લાના દરેક ગામના દરેક ઘર પર દીકરીનું નામ લખાય તે માટે ખાસ ઝૂંબેશ હાથ ધરાશે.

રાજકોટ જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુએ વધુમાં જણાવ્યુ હતુ કે, રાજકોટ જિલ્લાના ૬૦૦ ગામમાં ૭૫ - ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે તૈયાર કરાશે.

રાજ્ય સરકારની સૂચના મુજબ ’બેટી બચાવો, બેટી પઢાવો’ અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લામાં ગામડાઓમાં દરેક ઘર પર દિકરીનું નામ લખાય તે માટે ઝુંબેશ ચલાવવાની અને ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની જિલ્લા કલેક્ટરે જાહેરાત કરી હતી. રાજકોટ જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે, દરેક ગામમાં દિકરીની ભ્રૂણ હત્યા બંધ કરવા અને દરેક ઘર ઉપર તેના નામ ઘર પર તેના નામ લખાય તે માટે વ્હાલી દિકરી યોજના અંતર્ગત ઝુંબેશ હાથ ધરાશે. આ માટે દરેક ગ્રામ્ય વિસ્તારોમાં લોકોમાં જાગૃતિ લાવવામાં આવશે.

આ ઉપરાંત રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે કવાયત શરૂ કરવામાં આવશે.દરેક ગામમાં ખેડૂતોને તેમના અડધાથી એક એકર જગ્યામાં પ્રાકૃતિક ખેતી કરવા પ્રોત્સાહિત કરાશે અને તેના પરિણામ જોવા જણાવાશે.

હાલમાં રાજકોટ જિલ્લાના ૬૦૦ ગામમાં પ્રાકૃતિક ખેતી વધે તે દિશામાં જોર આપવામાં આવ્યું છે અને ૨૦૦૦ થી વધુ એકરમાં પ્રાકૃતિક ખેતી કરવા ખેડૂતોએ તૈયારી પણ આરંભી દીધી હોવાનું જણાવ્યું હતું.

# સમાચાર ટુંકાણમાં...

### ‘‘આઝાદી કા અમૃત મહોત્સવ’’ અંતર્ગત સૌરાષ્ટ્રના દરેક જિલ્લામાં ખેડૂત શિબિર યોજાઇ

રાજકોટના બાગાયત વિભાગ દ્વારા તાજેતરમાં ‘‘આઝાદી કા અમૃત મહોત્સવ’’ અંતર્ગત સૌરાષ્ટ્રના દરેક જિલ્લાઓમાં તાલુકા કક્ષાએ બે-બે ખેડુત શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ જેવી કે પ્રાકૃતિક ખેતી,કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર,કમલમ ફ્રુટ, મીશન મધમાખી તેમજ અન્ય વર્તમાન સહાય લક્ષી યોજનાઓનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખેડૂત શિબિરમાં બાગાયત નિયામક ડો.પી.એમ વઘાસીયાએ વર્ચ્યુઅલ માધ્યમથી ખેડુતોને માર્ગદર્શન આપ્યુ હતુ તેમ સંયુકત બાગાયત નિયામક રાજકોટની યાદીમાં જણાવાયું છે.

### વોટસન મ્યુઝિયમ ખાતે ‘‘રેતી ચિત્રો‘‘ના પ્રદર્શન સાથે ‘‘મ્યુઝિયમ સપ્તાહની ઉજવણી

ગુજરાત રાજ્યના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ ગાંધીનગર તથા રાજયના પુરાતત્વ અને સંગ્રહાલય વિભાગ દ્વારા પ્રાચીન કલા અને સંસ્કૃતિના વારસારૂપ નમુનાઓના જતન પ્રત્યે સભાનતા કેળવવાના ઉદ્દેશ્યથી વોટસન મ્યુઝિયમ,રાજકોટ ખાતે તા.૦૭ થી ૧૩ જાન્યુઆરી ‘‘મ્યુઝિયમ સપ્તાહ ૨૦૨૩‘‘ની ઉજવણી કરવામાં આવશે. જેમાં બી.એલ.વિરડીયાના ‘‘રેતી ચિત્રો‘‘ના અનોખા પ્રદર્શનનું આયોજન કરવામાં આવશે. આ અન્વયે ૦૭ જાન્યુઆરીના રોજ સવારે ૧૦.૩૦ કલાકે જાણીતા પુરાતત્ત્વવિદ્ સમર્થ ઈનામદારનો ‘‘ વોટ ઇઝ અર્ચેઓલોજી‘‘ વિષય ઉપરના વ્યાખ્યાનનો કાર્યક્રમ યોજાશે.

### એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા – રાજકોટ દ્વારા એપ્રેન્ટીસની ભરતી કરાશે

આગામી ૯મીએ આઇ.ટી.આઇ. રાજકોટ, આજી ડેમ ચોકડી ખાતે વિવિધ લાયકાત ધરાવતા ઉમેદવારોની એપ્રેન્ટીસ તરીકે ભરતી પ્રક્રિયા હાથ ધરાશે.આ માટે ડિગ્રી/ડિપ્લોમા આઇ.ટી-એન્જીનીયરિંગ, મિકેનિકલ/ઓટોમોબાઇલ એન્જિનિયરિંગ, ઇલેક્ટ્રિકલ એન્જી. તથા આઇ.ટી.આઇ. ઇલેક્ટ્રોનિક્સ મિકેનિક,મિકેનિક ડીઝલ એન્જીન, ઇલેક્ટ્રીશયન પાસ કરેલ ઉમેદવારોએ પોતાના બાયોડેટા, આધાર કાર્ડ, પાસપોર્ટ ફોટા, માર્કશીટ/સર્ટિફિકેટની જરૂરી નકલો સાથે સવારે ૯:૩૦ કલાક થી રાજકોટ આઇ.ટી.આઇ. ખાતે રૂબરૂ હાજર રહેવા આચાર્ય આઇ.ટી.આઇ રાજકોટ દ્વારા જણાવવામાં આવ્યું છે.

### પતંગ દોરાથી ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે ૭ વિશેષ કંટ્રોલ રૂમ શરૂ કરાશે

ઉતરાયણના પર્વ દરમ્યાન પતંગ દોરીથી પક્ષીઓને ઈજા અને મોત થવાના સંખ્યાબંધ બનાવો બને છે. આવા બનાવો નિવારવા અને ઈજા પામેલ પક્ષીઓને બચાવવા માટે રાજય સરકાર દ્વારા કરૂણા અભિયાન દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ શરૂ કરવામાં આવનાર છે.આ અભિયાન અંતર્ગત રાજકોટમાં આગામી સાત જગ્યાઓ પર તા.૧૩થી ૧૫ જાન્યુઆરી દરમ્યાન પતંગ દોરીથી ઘવાયેલા પક્ષીઓની વિશેષ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવનાર છે.ઘવાયેલા પક્ષીઓને તત્કાલ સારવાર મળી રહે તે માટે ૪૦ જેટલા તબીબોની ટીમો સ્ટેન્ડ ટુ રાખવામાં આવનાર છે. કંટ્રોલ રૂમના સંપર્ક નંબર ત્રિકોણબાગ-૯૮૯૮૦૧૯૦૫૯/ ૯૮૯૮૪ ૯૯૯૫૪) પેડક રોડ-૯૮૯૮૦ ૧૯૦૫૯/ ૯૮૯૮૪ ૯૯૯૫૪ આત્મીય કોલેજ-૯૮૯૮૦ ૧૯૦૫૯/ ૯૮૯૮૪ ૯૯૯૫૪ કિશાનપરા ચોક-૯૮૯૮૦ ૧૯૦૫૯/ ૯૮૯૮૪ ૯૯૯૫૪ માધાપર ચોકડી-૯૮૯૮૦ ૧૯૦૫૯/ ૯૮૯૮૪ ૯૯૯૫૪

# જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગની રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય અંગે પ્રસંશનીય કામગીરી

## વિંછીયાના ભોયરા ગામની બાળકીની જન્મજાત હૃદયની ખામી દૂર કરાઇ



રાજકોટ.તા.૭

વિંછીયા તાલુકાના ભોયરા ગામની ધર્મિષ્ઠા જન્મથી જ હૃદયની કંઈક ખામી ધરાવતી હતી ધર્મિષ્ઠાને અમદાવાદની યુ.એન.મહેતા હોસ્પિટલમાં વિનામૂલ્યે સમયસર સઘન સારવાર આપી આ ખામી દૂર કરવામાં આવી છે. વિંછીયા તાલુકાના ભોયરા ગામના મુમાભાઇ બાંભવાની દીકરી ધર્મિષ્ઠાનો તા.૪.૮.૨૦૧૭ ના રોજ જન્મ થયો હતો. તેના માતા- પિતાને આ બાળકી જન્મી ત્યારે તેને કોઈક તકલીફ હોવાનું જણાતું હતું. તા.૩૦.૮.૨૨ ના રોજ આર.બી.એસ.કે.ની ટીમના ડો.સાગર સાંબડ અને ડો. રિપલ વીરજાએ આ બાળકીનું તારીખ ૩૦-૮-૨૨ ના રોજ સ્ક્રિનિંગ કરતા તેને હૃદય અને ફેફસામાં લોહી પરિભ્રમણની ખામી જણાતાં યુ.એન.મહેતા હોસ્પિટલ રિફર કરવામાં આવી જ્યાં નિષ્ણાત તબીબોએ આ બાળકીને કોરોનરી હાર્ટ ડિસિઝ અને ટેટ્રોલોજી ઑફ ફેલોટ હોવાનું નિદાન કર્યું અને તાત્કાલિક સર્જરી કરવાની સલાહ આપી હતી.

સર્જરીની વાત સાંભળતા ધર્મિષ્ઠ ના માતા-પિતા તો દુ:ખી દુ:ખી થઈ ગયા કે ઓપરેશનનો આટલો મોટો ખર્ચ ક્યાંથી કાઢવો? પરંતુ તેમને શાળા આરોગ્ય આર.બી.એસ.કે.કાર્યક્રમ અંતર્ગત તમામ સારવાર અને સર્જરી સરકાર તરફથી મફત કરવામાં આવશે તેવી જાણકારી મળતાં તેમને હાશકારો થયો. તા.૧૪.૯.૨૦૨૨ ના રોજ તજજ્ઞોની ટીમ દ્વારા સર્જરી કરવામાં આવી,હાલ આ બાળકી એકદમ તંદુરસ્ત છે. આ સમગ્ર પ્રક્રિયામાં આર.બી.એસ.કે.ટીમ અને યુ.એન.મહેતા હોસ્પિટલના ડોક્ટરો સતત માર્ગદર્શક અને સહાયરૂપ બન્યા તેમના પ્રત્યે ધર્મિષ્ઠાના પરિવારજનોને આભારનો ભાવ વ્યક્ત કરેલ હતો.

## દર્દીઓની સમયબધ્ધ સારવાર અંગે સિવિલ હોસ્પિટલના અધિક્ષકની તાકીદ

# ‘‘પેશન્ટ કેર ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ’’ અંતર્ગત પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ ખાતે યોજાઇ બેઠક

રાજકોટ.તા.૭

પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ રાજકોટ ખાતે સારવાર કરાવવા આવતા દરેક દર્દીને સંપુર્ણ સારવાર મળી રહે તેમજ સમગ્ર હોસ્પિટલનો સુચારૂ વહીવટ થઇ શકે તે માટે ‘‘પેશન્ટ કેર ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ’’ અંતર્ગત અધિક્ષક ડો. આર.એસ.ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને પી.ડી.યુ. હોસ્પિટલનાં તમામ વિભાગોના વડા,નિવાસી તબીબી અધિક્ષક,નર્સીંગ સુપ્રિટેન્ડેટ તેમજ દર્દીની સાથે સંકળાયેલ સંલગ્ન ડોક્ટર અને સીનિયર રેસિડેન્ટ ડોકટર્સની મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું.

આ મીટીંગનો મુખ્ય હેતુ દર્દીઓને સુચારૂ રીતે સારવાર મળી રહે, આવશ્યક દવાનો પુરતો જથ્થો જાળવી શકાય, દર્દીઓને આયુષ્માન કાર્ડ અંતર્ગત મળતી યોજનાનો લાભ સરળતાથી મળી રહે, અત્યંત ગરીબ દર્દીઓને તમામ પ્રકારની સારવાર રીપોર્ટ પૌષ્ટિક આહાર દાખલ વોર્ડમાં અનુકુળ વાતાવરણ વગેરે મળી રહે તેવા વિવિધ મુદ્દાઓ ઉપર અધિક્ષકની અધ્યક્ષતામાં પરામર્શ કરવામાં આવ્યો હતો.

સિવિલ અધિક્ષક ત્રિવેદીએ દર્દીઓની તમામ પ્રકારની સમસ્યાઓનું તાત્કાલિક અને સચોટ નિરાકરણ આવે એ પ્રકારની વ્યવસ્થાઓ ગોઠવવા સંબંધીત અધિકારી કર્મચારીઓને જરૂરી સૂચના આપી હતી.

# દ્વારકાના દ્વારેથી....

(તસ્વીર અહેવાલ દિવ્યેશ જટણીયા મીઠાપુર)

### મીઠાપુર પોલિસ સ્ટેશનમાં ઈન્ચાર્જ પી આઈનીપત્રકારો સાથે મિટીંગ યોજાઈ

ઓખામંડળ તાલુકા નાં મીઠાપુર પોલિસ સ્ટેશનમાં ઇન્ચાર્જ પી.આઇ મનીષ મકવાણા સાહેબ દ્વારા સ્થાનિક પત્રકારો સાથે એક મિટિંગ યોજવામાં આવી હતી. જેમાં પીઆઇ મકવાણા દ્વારા કાયદાકીય ચર્ચાઓ તથા સ્થાનિક પ્રશ્નો વિશે ચર્ચા વિચારણા કરી હતી.

### ભરણ પોષણની અરજી મંજૂર કરતી કોર્ટ

બજાણા ગામમાં રહેતા અમરીબેન સચિન પારીયાના લગ્ન જામનગર મુકામે રહેતા સચિન નથુ પારીયા સાથે થયા હતા.લગ્ન જીવન દરમિયાન શારીરિક તેમજ માનસિક દુઃખ આપી ઘરમાંથી સગીર સંતાન સાથે કાઢી મૂકવામાં આવતા તેમના માવતર રહી તેઓએ પોતાનુ તથા સગીર સંતાનનું ભરણપોષણ મેળવવા ખંભાળિયા ફેમિલી કોર્ટમાં અરજી કરેલ હતી જેમાં અરજદારના વકીલ મોહમ્મદ હનીફ સોઢા દ્વારા દલીલો કરવામાં આવી હતી અને આ અરજી ચાલી જતા ફેમિલી કોર્ટ દ્વારા માતા પુત્રને માસિક રૂપિયા ૫ હજાર ભરણ પોષણ મંજૂર કરવામાં આવેલ અને અરજી ખર્ચ ના રૂપિયા ૧ હજાર મંજૂર કરેલ આ કેસમાં અરજદાર તરફે વકીલ મોહમ્મદ હનીફ સોઢા તથા રેહાના સોઢા તથા ફાલ્ગુની બારોટ તથા ઓફિસ આસિસ્ટન્ટ હિતેશ રાયચુરા રોકાયા હતા

### આંગણવાડીની કિશોરીઓને પ્રોજેક્ટ તુષ્ટિ દ્વારા પૂર્ણા પોટલીનું વિતરણ



ગુજરાત સરકાર તથા ન્યારા એનર્જીના સંકલનથી ચાલતા પ્રોજેક્ટ તુષ્ટિ(અમલીકરણ સંસ્થા JSI RT ફાઉન્ડેશન, દિલ્હી)દ્વારા તેમજ આંગણવાડી વર્કર બહેનોના તેમજ હેલ્થ વિભાગના સાથ સહકારથી દેવભૂમિ દ્વારકાના વરવાળા ગામની આંગણવાડીની કિશોરીઓને પ્રોજેક્ટ તુષ્ટિ દ્વારા પૂર્ણા પોટલીનું વિતરણ કરવામાં આવેલ તેમજ કિશોરીઓને સ્વચ્છતા વિશે, પુરક આહાર વિશે, હિમોગ્લોબીન વિશે, ગોળીઓ વિશે વિડિયો તેમજ તાલીમાર્થી દ્વારા સમજ આપવામાં આવી જેમાં મુખ્ય અતિથિ આઇ.સી. ડી.એસ. વિભાગના સીડીપીઓ અંજુબેન કેર, મુખ્ય સેવિકા જાનબાઈ ચાવડા, આરોગ્ય વિભાગના THV રંજનબેન, FHW સોનલબેન તેમજ તુષ્ટિના બ્લોક કો - ઓર્ડીનેટર જિગીષાબેન રાઠોડ તેમજ પ્રોજેકટ તુષ્ટિના કર્મચારીઓ અને વરવાળા સેજાના વર્કર/હેલ્પર બહેનો હાજર રહ્યા હતા.

# તંત્રી સ્થાનેથી...




## દેશનો આર્થિક વૃદ્ધિદર ૨૦૨૨-૨૩ દરમિયાન ૭% રહેશેઃ સરકારનું અનુમાન

દેશનો આર્થિક વૃદ્ધિદર નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન માઇનિંગ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટર્સના નબળા પ્રદર્શનને કારણે અગાઉના વર્ષના ૮.૭% કરતાં ઘટીને ૭% રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO) અનુસાર મેન્યુફેક્ચરિંગ સેક્ટરનું ઉત્પાદન પણ ૨૦૨૧-૨૨ના ૯.૯%થી ઘટીને ૧.૬% રહેવાનો અંદાજ છે. જ્યારે માઇનિંગ સેક્ટરનો ગ્રોથ પણ ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ઘટીને ૨.૪% રહેવાનું અનુમાન છે જે વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ૧૧.૫% હતો. આગામી ૧ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ સામાન્ય બજેટ રજૂ થવા જઇ રહ્યું છે તે પહેલા સરકાર દ્વારા આ વર્ષના આર્થિક વૃદ્ધિદરને લઇને પહેલો રિપોર્ટ જારી કરવામાં આવ્યો છે. સરકાર આ અંદાજનો અનુમાન બજેટ દરમિયાન ટેક્સ રેવેન્યુની ગણતરી તેમજ અન્ય અનુમાનમાં કરશે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન રિયલ જીડીપી અથવા જીડીપી રૂ.૧૫૭.૬૦ લાખ કરોડ રહેવાનું અનુમાન છે જેનો અંદાજ ૨૦૨૧-૨૨ માટે રૂ.૧૪૭.૩૬ લાખ કરોડ રાખવામાં આવ્યો હતો. NSOનું અનુમાન ભારતીય રિઝર્વ બેન્કના ૬.૮% કરતા વધુ છે. નોમિનલ જીડીપી અથવા અત્યારની કિંમતે વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન રૂ.૨૭૩.૦૮ લાખ કરોડ રહેશે તેવી શક્યતા છે. જે માટેનો વર્ષ ૨૦૨૧-૨૨ માટનો અંદાજ રૂ.૨૩૬.૬૫ લાખ કરોડ હતો. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન નોમિનલ જીડીપી ગ્રોથનો અંદાજ વર્ષ ૨૦૨૧-૨૨ના ૧૯.૫ ટકાથી ઘટાડીને ૧૫.૪ ટકા કરવામાં આવ્યો છે. દેશનું કૃષિ ક્ષેત્ર પણ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૩.૫%ના દરે વૃદ્ધિ પામશે જે ગત નાણાકીય વર્ષના ૩%ના વિસ્તરણથી વધુ છે. જ્યારે ટ્રેડ, હોટલ, ટ્રાન્સપોર્ટ, કોમ્યુનિકેશન અને સર્વિસીઝ સેગમેન્ટ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના ૧૧.૧%થી વધીને ૧૩.૭%ના દરે વૃદ્ધિ નોંધાવશે તેવો અંદાજ છે. કન્સ્ટ્રક્શન સેક્ટરનો ગ્રોથ ઘટીને ૯.૧% રહેશે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ફાઇનાન્સિયલ, રિયલ એસ્ટેટ અને પ્રોફેશનલ સર્વિસીઝ સેગમેન્ટનો વૃદ્ધિદર ૬.૪% રહેશે જે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ૪.૨% રહ્યો હતો. જો કે કન્સ્ટ્રક્શન સેક્ટરનો ગ્રોથ ગત વર્ષના ૧૧.૫ ટકાથી ઘટીને ૯.૧ ટકા નોંધાશે.

# લ્યો બોલો.. હવે ૬૬ ગૌશાળાની ગાયો પણ સરકારી સહાયથી રહેશે વંચિત!?

## રાજકોટ જિલ્લાની ૭૮ ગૌશાળાને અપાશે રૂ.૫.૩૨ કરોડની ગ્રાન્ટઃ ૯,૫૨૪ ગાયો માટે સહાય ચુકવવા કલેક્ટરના આદેશ



(ગિરીશ ભરડવા દ્વારા)

રાજકોટ.તા.૭

રાજકોટ જિલ્લાની ૭૮ ગૌશાળાને રૂ.૫.૩૨ કરોડની ગ્રાન્ટ ફાળવવા સરકારે જાહેરાત કરતા ૯,૫૨૪ ગાયો માટે સહાય ચુકવવા રાજકોટ જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુ દ્વારા આદેશ અપાયા હતા.

જોકે, આ યોજનાના લાભાર્થી તરીકે અગાઉ ૧૪૪ ગૌશાળાઓ હતી આ પૈકીની અમુક ગૌ શાળાઓને આ યોજના ગ્રાંટનો લાભ મળવા પામ્યો છે પરિણામે ૬૬ જેટલી ગૌશાળા આ સરકારી સહાય મેળવવા માંથી વંચિત રહી જવા પામી છે.

રાજકોટ જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં આવેલી ગૌશાળાઓને ગૌ માતા પોષણ યોજના હેઠળ સહાય કરવા સર્વે હાથ ધરાયો હતો જેમાં ૭૮ ગૌશાળાને ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીના ૯૨ દિવસની રૂ.૫.૩૨ કરોડની સહાય ચુકવવાનો કાર્યાલય દ્વારા આદેશ કરાયો છે. અગાઉ રાજકોટ જિલ્લાની ૧૪૪ ગૌશાળાને સરકારી સહાયનો લાભ મળતો હતો પરંતુ આ વખતે ૬૬ ગૌશાળા સરકારી સહાયથી વંચિત રહેશે તેવું ચિત્ર ઉપસ્યું છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની ગૌમાતા પોષણ યોજના હેઠળ ગૌશાળાઓને ગાય દીઠ રોજના રૂ.૩૦ ની સહાય ચારા માટે આપવામાં આવે છે.આ સહાય દરેક ગૌશાળાને મળી રહે તે માટે પશુપાલન વિભાગના અધિકારી કિશોર ખાનપરાના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં સર્વે હાથ ધરાયો હતો અગાઉ ૧૪૪ ગૌશાળા નોંધાયેલી હતી. જેમાં થયેલા ફેરફાર બાદ જે નિયમાનુસાર હશે તેને સહાય ચુકવવાના આદેશ કરાયો છે.પશુપાલન અધિકારી કિશોર ખાનપરાએ જણાવ્યું હતું કે અમારા સર્વેમાં કુલ ૨૧૪ ગૌશાળા રાજકોટ જિલ્લામાં નોંધાયેલી છે જેમાંથી માત્ર ૭૮ ગૌશાળાએ રજિસ્ટ્રેશન, પુરતા ફોર્મ ભરવા, બંધારણ આપવા, ઓડીટ રિપોર્ટ આપવા સહિતની પુરી ફોર્માલીટી કરી છે જ્યારે બાકીની મોટાભાગની સંસ્થાઓએ પુરતી વિગતો રજુ ન કરતા સહાયથી વંચિત રહ્યા છે.

રાજકોટ જિલ્લામાં ૭૮ માંથી ૧૩ ગૌશાળા એવી છે કે જેમાં ૧૦૦૦ કરતા ઓછી ગાયો હોય કલેક્ટર સહાય ચુકવણાના કાર્યાલય આદેશ કરી શકે છે,જ્યારે ૧૦૦૦ થી વધુ ગાયો ધરાવતી ૫ ગૌશાળાની વિગતો ગૌસેવા આયોગમાં મોકલવામાં આવી છે અને ત્યાંથી તેમને સહાય ચુકવવામાં આવશે. ૭૮ ગૌશાળાઓને ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીના ૯૨ દિવસ માટે ૧૯૨૭૧ ગાયો માટે રૂ.૫.૩૨ કરોડની ગ્રાન્ટ ચુકવવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

### જાન્યુઆરીથી માર્ચ માટે ગૌ શાળાની નોંધણી ચાલુ

જાન્યુઆરી માર્ચ માટે સહાય લેવા માગતી ગૌશાળાઓની નોંધણી હાલમાં ચાલુ છે અને ગૌશાળાએ બે દિવસમાં પોતાના ફોર્મ ભરી તાલુકાના પશુ દવાખાનામાં પહોંચાડવાના રહેશે. ૯,૭૪૭ ગાયોની સહાય આયોગ ચુકવશે તેમ જાણવા મળેલ છે. રાજકોટ જિલ્લાની ૭૩ ગૌશાળાની ૫૨૪ ગાયોની રૂ.૨,૬૨,૮૬,૦૦૦ ની સહાય ચુકવવા જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુએ આદેશ કર્યો છે.જ્યારે ૧૦૦૦ થી વધુ ગાયો ધરાવતી ૫ ગૌશાળાની ૯૪૬ ગાયોની રૂ.૨,૬૯,૦૧૭૨૦ ની સહાય ગૌ સેવા આયોગ ગાંધીનગર દ્વારા બે થી ચાર દિવસમાં ચુકવાશે.

# રોઝરી શાળાના 'રોઝરી ફેસ્ટ' કાર્યક્રમમાં જમાવટ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ,તા.૭ : રોઝરી શાળાએ ૪૦ વર્ષ પૂર્ણ કર્યાના શુભ અવસરે શાળા પ્રાગણમાં એક 'રોઝરી ફેસ્ટ'નું તા.૬,૭,૮ જાન્યુઆરી ના રોજ આયોજન કરેલ છે.આ ફેસ્ટમાં જોડાયેલા વિદ્યાર્થીઓ પોતાની વિવિધ કાર્યશૈલીથી પોતાના કૌશલ્યોની કુનેહ બતાવશે તેમાં ૧૫૦ થી વધુ પ્રોજેક્ટ છે અને જેમાં ૫૫૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે.આ અવસરે શાળામાં ભણતા વિદ્યાર્થીઓ કે જેઓએ ઉત્કૃષ્ટ અને ઉત્તમ પરિણામ મેળવેલ હશે તેઓને સ્કોલરશીપ અપાશે.જેમાં ૬૦ વિદ્યાર્થીઓને સન્માનિત કરાશે.આ સ્કોલરશીપમાં ડી.એસ.વારીયા,કિર્તીદાબેન વડગામા અને વર્ષાબેન દેસાઈના નામથી આપવામાં આવશે. આ રોઝરી શાળામાં થતા રોઝરી ફેસ્ટ' માં ઉપસ્થિત રહેવા અને આ અવસરને નિહાળવા તથા બાળકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને આયોજકોએ અનુરોધ કર્યો છે.

# જેતપુર અને ભંડારીયામાંથી દારૂની ૨૪ બોટલ સાથે ૩ આરોપી પકડાયા

## દારૂ સપ્લાય કરનાર બે શખ્સોની શોધખોળ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ. તા.૭

રાજકોટ ગ્રામ્ય પોલીસના જેતપુર સીટી પોલીસ અને ભાડલા પોલીસે દારૂની ૨૪ બોટલ સાથે ત્રણ આરોપીઓને પકડી લીધા હતા. જેમાં ભાડલા પોલીસે જસદણ તાલુકાના ભંડારીયા ગામે વાહન ચેકીંગ દરમ્યાન જયારે જેતપુર સીટી પોલીસે રહેણાંક મકાનમાં દરોડો પાડયો હતો. બંને ગુનામાં દારૂ સપ્લાય કરનારનું નામ ખુલતા તેમની શોધખોળ હાથ ધરાઇ છે.

ભાડલા પોલીસે વાહન ચેકીંગ દરમ્યાન ભંડારીયા ગામે બોધરાવદર તરફ જતા રસ્તે જીજે ૦૩ એમએલ ૫૭૧૯ નંબરની ઇકો અટકાવી તપાસ કરતા તેમાંથી દારૂની ૧૨ બોટલો મળી આવી હતી. કાર સવાર પ્રકાશ કાળુ સાપરા (રહે. આણંદપર તા. કોટડાસાંગાણી), સાગર રામજી ગોવાણી (રહે. વડાલી, તા. રાજકોટ)ની ધરપકડ કરી બે મોબાઇલ ફોન, દારૂની બોટલો, કાર મળી રૂા. ૧,૭૩,૬૦૦નો મુદામાલ કબજે કર્યો હતો. દારૂની બોટલો ભંડારીયાના જયસુખ વિનોદ મકવાણાએ આપી હોવાની આરોપીઓએ કબુલાત આપતા જયસુખની શોધખોળ હાથ ધરાઇ છે.

# પાક ધીરાણના દર નક્કી કરવા ડીસ્ટ્રિક્ટ લેવલ ટેકનિકલ કમિટીની યોજાઈ બેઠક

## કલેકટર અરૂણ મહેશ બાબુએ આપ્યું માર્ગદર્શન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૭

રાજકોટ કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને તમામ ખેડુતોને વાવેતરના પાક માટે કે.સી.સી.ધીરાણના હેકટર દીઠ દર નક્કી કરવા માટે ડીસ્ટ્રિક્ટ લેવલ ટેકનિકલ કમિટીની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મીટિંગમાં ડીસ્ટ્રિક્ટ લેવલ ટેકનિકલ કમિટી દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માટે ખરીફ પાક, રવિ પાક, ઉનાળુ પાક, પશુપાલન, પોલ્ટ્રી, મત્સ્યોદ્યોગ, લાખની ખેતી, શેતુરની ખેતી, રેશમના કીડાનો ઉછેર તથા મધમાખી ઉછેર માટે કે.સી.સી. ધીરાણના દરો નકકી કરવામાં આવ્યા હતા.

જે સ્ટેટ લેવલ ટેકનીકલ કમિટિને ભલામણ અર્થે મોકલવામાં આવશે.આ પ્રસંગે ગ્રામ્ય વિસ્તારોના પ્રગતિશીલ ખેડૂતો ડો. ડાયાભાઈ પીપરીયા અને મગનભાઈ ઘોણીયાએ ઉપસ્થિત રહી પાક ધીરાણ દર અંગે મંતવ્ય આપ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા ખેતીવાડી અધિકારી એ. એલ.સોજીત્રા,રાજકોટ ડીસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી.ના જનરલ મેનેજર વી. એમ.સખીયા તેમજ લીડ બેંકના ચીફ મેનેજર, નાબાર્ડના ડી.ડી.એમ. સહિત વિવિધ બેંકોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રેમિકાએ પ્રેમીને જીવતો સળગાવ્યો

## ૧૦ દિવસ સાથે રહ્યા બાદ રાજેશના મકાનમાંથી ગીતા દાગીના અને રોકડ ચોરી ગઈ હતીઃ ગીતાને પકડવા વાંકાનેર તાલુકા પોલીસે બે અલગ અલગ ટીમો બનાવી શોધખોળ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૭ :

શહેરના મોરબી રોડ પર આવેલા સ્વસ્તિક વીલામાં રહેતા પટેલ આધેડને પરિચિત દાહોદની મહિલાએ વાંકાનેર બાઉન્ડ્રી પાસે મળવા બોલાવ્યો હતો.ત્યારબાદ ત્યાં ઝઘડો થતા મહિલાએ પેટ્રોલ છાટી દિવાસળી ચાંપી પટેલ આધેડને જીવતો સળગાવ્યો હતો.તેમને હાલ રાજકોટની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.આ અંગે હાલ વાંકાનેર પોલીસે મહિલાની શોધખોળ શરૂ કરી છે. વધુ વિગતો મુજબ,મોરબી રોડ પર આવેલા સ્વસ્તિક વિલામાં રહેતા રાજેશ પરસોતમભાઈ રામાણી (પટેલ) (ઉ.વ.૪૫)ને ગઇકાલે બપોરના સમયે તેમની પરીચિત દાહોદની ગીતાએ મોબાઈલમાં કોલ કરી વાંકાનેર બાઉન્ડ્રી પાસેની ઓનેસ્ટ પાસે મળવા બોલાવ્યો હતો.ત્યારબાદ રાજેશ ગીતાને મળવા વાંકાનેર બાઉન્ડ્રી પાસે ગયો હતો.ત્યાંથી ગીતા અને રાજેશ આવાવરૂ જગ્યાએ બેઠા હતા.

ત્યારે બંને વચ્ચે કોઈ બાબતે ઝઘડો થતા ગીતાએ તેની પાસે રહેલા પેટ્રોલ ભરેલા શીશામાંથી પેટ્રોલ રાજેશ પર છાંટી દિવાસળી ચાંપી જીવતો સળગાવી દીધો હતો. ત્યારબાદ ગીતા ત્યાંથી ભાગી ગઈ હતી.તેમજ રાજેશ ત્યાં કણસતી હાલતમાં પડ્યો હોય તેમને કોઈએ ૧૦૮ મારફતે રાજકોટની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો.આ બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં કરતા એન્ટ્રી નોંધી ત્યાંથી વાંકાનેર પોલીસ મથકનો સ્ટાફ રાજેશ નું નિવેદન લેવા રાજકોટની સરકારી હોસ્પિટલે પહોંચી ગયો હતો.રાજેશે જણાવ્યું હતું કે, પોતે કડિયા કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે.તેમજ એક ભાઈ એક બહેનમાં મોટો છે.તેમજ તેમને પિતાએ ઘરમાંથી કાઢી મુક્તા મોરબી રોડ પર આવેલા સ્વસ્તિક વિલા સોસાયટીમાં રહે છે.તેમજ તેમની પત્નીનું છ મહિના પૂર્વે અવસાન થતા પોતે એકલો રહી કડિયા કામ કરે છે.રાજેશે પોલીસને જણાવ્યું હતું કે,ગીતા દાહોદની વતની છે અને અને તેમની સાથે કડિયા કામ કરતી હતી ત્યારે બે વર્ષ પૂર્વે પરિચય થયો હતો.ત્યારબાદ બંને વારંવાર મળતા હતા.ગઈકાલે રાજેશે ફોનમાં કહ્યું હતું કે તું આધાર કાર્ડ અને બીજા ડોક્યુમેન્ટ સાથે લઈ આવજે આપણે સાથે રહીશું.બાદમાં મળવા જતા આ બનાવ બન્યો હતો.હાલ રાજેશની હાલત ગંભીર છે.આ અંગે વાંકાનેર તાલુકા પોલીસે ગીતાને પકડવા બે ટીમો બનાવી રવાના કરી છે. બંને ૧૦ દિવસ સાથે રહ્યા બાદ દાગીના-રોકડની ચોરી કરી ગીતા પલાયન થઈ ગઈ અને ગઈકલે રાજેશને મળવા બોલાવ્યો!રાજેશના જણાવ્યા મુજબ,દાહોદની ગીતા બે વર્ષ પૂર્વે પરિચયમાં આવી હતી અને બંને વચ્ચે મોબાઈલ પર વાતચીત પણ થતી હતી.ગીતા સાથે ૧૦ દિવસ સાથે રહ્યા બાદ ગીતા ઘરેથી દાગીના અને રોકડ લઈ જતી રહી હતી.બાદમાં મોબાઈલ સ્વીચ ઓફ કરી દીધો હતો.તેમજ ગઈકાલે અચાનક ફોન કરી મળવા બોલાવ્યો હતો. એ અંગે ગીતા પકડાયા બાદ બનાવની હકીકત બહાર આવશે.

# રાજકોટ ક્રાઈમ

## બંધ ફ્લેટમાં ઘૂસી તસ્કરો ૧.૬૨ લાખની મતા ચોરી ગયા

શહેરને ધમરોળતા તસ્કરોએ શહેરના જાગનાથ વિસ્તારમાં આવેલા એપાર્ટમેન્ટના બંધ ફ્લેટને નિશાન બનાવી ફ્લેટમાં ઘૂસી રોકડ અને સોનાના ઘરેણાં સહિત કુલ રૂ.૧.૬૨ લાખનો મુદ્દામાલ ઉઠાવી ગયા હતા, પોલીસે તપાસ કરતાં બે શકમંદો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા અને બંને રિક્ષામાં નાસી ગયા હોય પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી હતી.આલાબાઇના ભઠ્ઠા સામે જાગનાથમાં આવેલા અષ્ટલક્ષ્મી એપાર્ટમેન્ટના પહેલા માળે રહેતા અને અમદાવાદમાં ખાનગી કંપનીમાં નોકરી કરતા સુરેનભાઇ ગોરધનદાસ અમલાણી (ઉ.વ.૬૪)એ ચોરીની ઘટના અંગે એ.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સુરેનભાઇએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ઉપરોક્ત એપાર્ટમેન્ટમાં તેમનો ફ્લેટ આવેલો છે, તેમની પુત્રી અમદાવાદ રહેતી હોય દસેક મહિનાથી સુરેનભાઇ અને તેમના પત્ની અમદાવાદ પુત્રી સાથે રહે છે અને ક્યારેક ક્યારેક બે-ત્રણ દિવસ માટે રાજકોટ આવે છે,ગત તા.૨૩ ડિસેમ્બરે આવ્યા હતા અને તા.૨૬ના પરત અમદાવાદ જતા રહ્યા હતા, તા.૫ને ગુરૂવારે બપોરે એપાર્ટમેન્ટના ચોકીદાર બહાદુરે ફોન કરીને જાણ કરી હતી કે, તમારા ફ્લેટનો દરવાજો થોડો ખુલ્લો છે અને લોક તૂટેલું છે, બહાદુરે ફ્લેટમાં જઇ તપાસ કરતા અંદર તમામ સામગ્રી વેરવિખેર જોવા મળતાં ચોરી થયાની શંકાએ સુરેનભાઇ અને તેમના પત્ની સાંજે રાજકોટ આવી પહોંચ્યા હતા. સુરેનભાઇએ તપાસ કરતાં ફ્લેટમાં ઘૂસી તસ્કરો કબાટમાંથી રોકડા રૂ.૧.૬૨ લાખ ઉઠાવી ગયા હતા, તેમજ અમલાણી પરિવારના સોનાના કેટલાક દાગીના કબાટમાં તથા કેટલાક દાગીના બેંકના લોકરમાં હોવાથી તસ્કરો કેટલા દાગીના ઉઠાવી ગયા તે બેંકમાં તપાસ કર્યા બાદ સ્પષ્ટ થશે, સોનાના દાગીનાની ચોરી થઇ હશે તો ચોરીનો આંક વધવાની પણ સંભાવના છે.

## ગોંડલની શાળામાં થયેલી ચોરીનો ભેદ ખુલ્યો, ૩ ઝબ્બે

ગોંડલમાં ગત સપ્તાહે ગુલમહોર રોડ પર આવેલી શાળા નં - ૧ માં રસોડાની સામગ્રી અને કોમ્પ્યુટરનાં સામાનની ચોરીની ફરિયાદ શહેર પોલીસ મથકે નોંધાઇ હતી અને ચોરીનો માલ સામાન કેટલાક શખ્સો દ્વારા સગેવગે કરવામાં આવી રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી બાળ આરોપી સહિત ત્રણ શખ્સને ઝડપી લીધા હતા અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.પ્રાપ્ત વિગતો મુજબ શાળામાં થયેલી ચોરીનો માલ સામાન સગેવગે કરવામાં આવી રહ્યો હોવાની બાતમીના આધારે પીએસઆઈ જે.યુ.ગોહિલ, હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રભાઈ, હેડ કોન્સ્ટેબલ વિપુલભાઈ ગુજરાતી, મહેન્દ્રભાઈ, બાવકુભાઈ, રમેશભાઈ, ભાવેશભાઈ સહિતનાં સ્ટાફે દરોડો પાડી કાના કાળુભાઇ સોલંકી, રાકેશ ભરતભાઇ ચુડાસમા રહે. બન્ને તાલુકા શાળાના ગ્રાઉન્ડમાં અને એક બાળ આરોપીને પકડી કુલ ૧૭,૭૦૦ નો મુદામાલ કબ્જે કરી ઉપરોકત શખ્સોની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. તેમજ એક બાળ આરોપી હોય તેની સામે જુવેનાઇલ અદાલતમાં કેસ ચલાવવાની કાર્યવાહી થશે.

## ભાયાવદરના અરણી ગામે જાહેરમાં જુગાર રમતા પાંચ પત્તાપ્રેમી પકડાયા

ભાયાવદર પોલીસે અરણી ગામે રેઇડ કરી જાહેરમાં જૂગાર રમતા ૫ શખ્સોને ઝડપી લીધા હતાં.મળતી વિગતો મુજબ અરણી ગામની સેમરાવાળુ નામે ઓળખાતી સીમમાં ગીરીશ છગનભાઇ માકડીયાની વાડી પાસે જાહેરમાં જૂગાર રમાતો હોવાની બાતમી મળતા ભાયાવદરના હેડ કો. મયુરભાઇ સોલંકી સહિતના સ્ટાફે રેઇડ કરી જૂગાર રમતા (૧) ગીરીશ છગનભાઇ માકડીયા (૨) વિનુ દેવરાજભાઇ દલસાણીયા (૩) વલ્લભ કુરજીભાઇ વૈશ્નાણી, (૪) વિરાગ મનસુખભાઇ કંટારીયા તથા (૫) હીરા લીમ્બાભાઇ તળાવીયા રે. તમામ અરણી તા. ઉપલેટાને રોકડ રૂા. ૧૧૫૮૦ અને ગંજીપતા સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

## ચાઈનીઝ દોરીની ૫૫ ફીરકી સાથે બે વેપારી ઝડપાયા

રાજકોટ શહેર એલસીબી ઝોન ૧ ટીમ દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ દોરી સાથે બે વેપારીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે દૂધસાગર રોડ પરથી વેપારી સતીષ અને પરેશ ઠક્કરની ધરપકડ કરી તેની પાસેથી ૧૩,૭૫૦ કિંમતની ૫૫ નંગ ચાઈનીઝ દોરીની રીલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

# પંચાયતી રાજ એ પ્રજાની ઉન્નતી માટેનો રસ્તો છે : ભૂપત બોદર

## દિલ્હી ખાતે પંચાયતી રાજ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય કક્ષાની બીપીડીપી અને ડીપીડીપી વર્કશોપ સંપન્નઃ પાંચ જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખ સહિતનાએ ઉપસ્થિત રહી પંચાયતી રાજને લગત ડેવલોપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત મેળવ્યુ માર્ગદર્શન




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૭

રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદરની એક અખબારી યાદીમાં જણાવ્યુ છે કે ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલય દ્વારા ડો.ભીમરાવ આંબેડકર સેન્ટર,ન્યુ દિલ્હી ખાતે બે દિવસીય રાષ્ટ્રીય કક્ષાની બીપીડીપી અને ડીપીડીપી વર્કશોપ કાર્યક્રમ યોજાયો હતો

આ વર્કશોપમાં રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદર સહિત ગુજરાત રાજયના પાંચ જિલ્લા પંચાયતના પ્રમુખ તેમજ પાંચ તાલુકા પંચાયતના પ્રમુખ સહિતના એ ઉપસ્થિત રહી પંચાયતી રાજને લગત આગામી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત વિસ્તૃત માર્ગદર્શન મેળવ્યું હતું.આ વર્કશોપમાં પંચાયતી રાજ રાજ્ય કક્ષા મંત્રી કપિલ મોરેશ્વર પાટીલે જણાવેલ કે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ વાળી કેન્દ્રની ભાજપ સરકારની તમામ વિકાસ લક્ષી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે અને ગામડાઓમાં શિક્ષણ,સ્વાસ્થ્ય,પીવાનું પાણી,ગરીબી નાબુદી, ઈન્ફ્રાસ્ટ્રકચર ઈરીગેશન જેવી પ્રાથમિક જરૂરીયાતો મળી રહે તે માટે ભાજપ સરકાર કટીબધ્ધ છે.ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય અને આંતર માળખાકીય સુવિધાઓ વધારવા અંગે વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડયુ હતું.

આ પંચાયતી રાજ મંત્રાલય દ્વારા ડો.ભીમરાવ આંબેડકર સેન્ટર, ન્યુ દિલ્હી ખાતે બે દિવસીય રાષ્ટ્રીય કક્ષાની બીપીડીપી અને ડીપીડીપી વર્કશોપમાં ઉદઘાટન સત્ર, પ્રોજેકટર સાથે વિવિધ ટેકનીકલ સત્રો,જુથ ચર્ચાઓ,વર્કિંગ જુથ દ્વારા પ્રસ્તુતિ,સમાપન સત્ર યોજાયેલ.જેમાં વિવિધ અગ્રણીઓ દ્વારા માર્ગદર્શન પુરૂ પડાયેલ. તેમજ આ તકે પંચાયતી રાજના રાજય કક્ષાના મંત્રી કપીલ મોરેશ્વર પાટીલ એ પણ પ્રાશંગિક પ્રવચન કર્યુ હતું.

આ તકે ભૂપતભાઈ બોદરએ જણાવેલ કે ભારત એક ખુબ વિશાળ અને વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે, અનેકવિધ રાજયો, વિશ્વની મોટી વસ્તી અને વિવિધતા વાળા મોટા વિસ્તારને કારણે છેવાડાના લોકોને મુશ્કેલી ન પડે તે માટે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ભાજપ સરકાર તેમજ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં તેમજ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ રાજ્યની ભાજપ સરકાર દ્વારા અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે જેનાથી ગામડાના સર્વાંગિ વિકાસને વેગ મળ્યો છે.

આ વર્કશોપમાં ગુજરાત માંથી ૧૭ જેટલા જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.તેમજ રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદર, સુરત જિલ્લા પંચાયતના પ્રમુખ ભાવેશભાઈ પટેલ, દાહોદ જિલ્લા પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલા, ગોધરા જીલ્લા પંચાયતના પ્રમુખ કામીનીબેન સોલંકી, ગાંધીનગર જીલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલ, ગોંડલ તાલુકા પંચાયતના પ્રમુખ ભાર્ગવાઈ આંદીપરા, માણસા તાલુકા પંચાયતના પ્રમુખ ભીખાભાઈ પટેલ, મોડાસા તાલુકા પંચાયતના પ્રમુખ બીપીનભાઈ પટેલ, ઉમરગામ તાલુકા પંચાયતના પ્રમુખ રમેશભાઈ ધાંગડા, સહિતના ઉપસ્થિત રહયા હતા.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
Web: www.saurashtrakranti.com
saurashtrakranti


પ્રોપર્ટી એક્સ્પો એન્ડ શોકેસ ૨૦૨૩નો રંગારંગ પ્રારંભ

# એ.સી ડોમમાં ઘર, મકાન કે ફ્લેટને લગતી તમામ જાણકારી એક જ જગ્યાએ પ્રદર્શિત

## રવિવારે બોલીવુડ અભિનેત્રી અમિષા પટેલ, પ્લે બેક સિંગર ચારૂ સોમવાલ, દિલ્હીનું ફેમસ ડાન્સ ગ્રુપ તથા ગોવા ઈન્ટરનેશનલ ડાન્સ ગ્રુપ પોતાના ડાન્સ રજુ કરશે









(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

રાજકોટ સૌરાષ્ટ્રનું જ નહીં પણ સમગ્ર ગુજરાતનો સૌથી મોટો અને સૌ પ્રથમ એવા પ્રોપર્ટી એક્સપો એન્ડ શોકેસ ૨૦૨૩નો રાજકોટમાં ભવ્ય પ્રારંભ થતાં જ રેસકોસમાં ફન વર્લ્ડની પાસેના ગ્રાઉન્ડમાં પહેલા દિવસે લોકોનો ભારે ઘસારો જોવા મળ્યો હતો. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત રાજકોટ પ્રોપર્ટી એક્સપોર્ટ એન્ડ શોકેસ ૨૦૨૩નું ઉદઘાટન કરવાના હતા જોકે નાદુરસ્ત સ્વાસ્થ્યને કારણે તેઓ રૂબરૂ આવી નહીં શકતા તેઓએ એક વિડીયો સંદેશ દ્વારા પ્રોપર્ટી એક્સપોના આયોજકોને ભવ્ય અને લાજવાબ આયોજન માટે શુભકામનાઓ પાઠવી હતી. રાજકોટના મેયર ડો.પ્રદીપ ડવએ છ દિવસ ચાલનારા પ્રોપર્ટી એક્સપોર્ટ એન્ડ શોકેસ ૨૦૨૩ને રીબીન કાપીને ખુલ્લો મુકાવ્યો હતો. આ તકે ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, પ્રદેશ ભાજપના ડો.ભરતભાઈ બોઘરા, રાજકોટ જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ જેવા શહેરમાં લોકોને પોતાના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવા માટે ઘણી વખત ખૂબ જ મનોમંથન કરવું પડતું હોય છે. શહેરના કયા વિસ્તારમાં સારા ફ્લેટ, ડુપ્લેક્સ કે બંગલાઓ ઉપલબ્ધ છે કે બની રહ્યા છે તેની જાણકારી મેળવવા માટે ઘણી વખત દિવસોના દિવસોનો સમય વીતી જતો હોય છે. જોકે લોકોને પોતાના ઘરનું સ્વપન સાકાર કરવા શહેરમાં ઉપલબ્ધ વિવિધ લોકેશનોની માહિતી એક જ છત હેઠળ ખૂબ જ સહેલાઈથી મળી રહે એ માટે પ્રોપર્ટી એક્સ્પો એન્ડ શો કેસ ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટ બિલ્ડર એસોસિએશન અને IIID નાં સંયુકત ઉપક્રમે આયોજિત આ એક્સ્પો નિહાળીને શહેરીજનોને મકાન, ફ્લેટ ખરીદવાનું ઉત્કૃષ્ઠ માર્ગદર્શન તો મળી જ રહેશે, સાથોસાથ ઈન્ટીરીયલ ડિઝાઇન અને ઘરમાં રસોડાથી લઈ, વોશરૂમ, હોલ, બેડરૂમ સહિત પાર્કિંગ, લોન્જ અને ગાર્ડન, ટેરેસમાં ઇન્સ્ટોલ થઈ શકે એવી તમામ પ્રોડક્ટ રૂબરૂ નિહાળવાનો લ્હાવો પણ મળશે.

રાજકોટ જિલ્લા કલેકટર અરુણ મહેશ બાબુએ ઉદઘાટન સમારોહ દરમિયાન જણાવ્યું હતું કે, ૬ એ.સી ડોમમાં ઘર, મકાન કે ફ્લેટને લગતી તમામ જાણકારી એક જ જગ્યાએ પ્રદર્શિત, ઉપલબ્ધ થતી હોય એવો રાજ્યનો આ એક માત્ર એક્સ્પો છે. હું સ્વયં પરિવાર સાથે ફરી એકવાર પૂરો એક્સ્પો નિહાળવા આવવાનું આયોજન કરી રહ્યો છું. રાજકોટની જનતાને આ પ્રોપર્ટી શો નિહાળવો જોઈ એવી લાગણી વ્યક્ત કરતા કલેકટરે પ્રોપર્ટી એક્સ્પોના આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

પ્રોપર્ટી એક્સ્પો એન્ડ શો કેસ ૨૦૨૩ના ઉદઘાટક મેયર ડો. પ્રદીપ ડવએ કહ્યું હતું કે, રાજકોટમાં વસતા લોકોનું ઘરના ઘરનું સ્વપન આ એક્સ્પો પૂરું કરશે. અંહી સમગ્ર શહેરમાં નવા બનતા મકાનો, ફ્લેટ, બંગલાઓની માહિતી અને તેની ફેસેલિટી વિશે જાણવા મળી રહેશે. એક્સ્પો ખરેખર માણવા લાયક તો છે જ પણ પ્રોપર્ટી ખરીદવા માંગતા લોકો માટે જાણવા લાયક પણ છે. આવા સુંદર આયોજન બદલ મેયર ડવએ આયોજકોને બિરદાવ્યા હતા.

રાજકોટ બિલ્ડર એસો.ના પ્રેસિડેન્ટ પરેશભાઈ ગજેરાએ પ્રોપર્ટી એક્સ્પોને ગ્રાહક અને બિલ્ડર વચ્ચેના સેતુ સમાન ગણાવી કહ્યું હતું કે, મિલ્કત ખરીદવા ઇચ્છુક લોકોને એક જ છત હેઠળ ઘર લેવાથી માંડીને સજાવવા સુધીના વિવિધ વિકલ્પો અહીં મળી રહેશે. IIID ના સહયોગથી ઘર માટે ડેકોરેશનના નવા નવા કોન્સેપ્ટ અહીં લોકોને જોવા મળશે જે મેટ્રો સીટીમાં જ મોટેભાગે જોવા મળતા હોય છે. આજે શનિવારે રાત્રે બોલીવુડ પ્લેબેક સિંગર તોશી બ્રધર્સનું લાઈવ બેન્ડ પરફોર્મન્સ આપશે. ૮ જાન્યુઆરીને રવિવારે રાત્રે બોલીવુડ અભિનેત્રી અમિષા પટેલ, પ્લેબેક સિંગર ચારુ સેમવાલ, દિલ્હીનું ડાન્સ ગ્રુપ તેમજ ગોવાનું ઇન્ટરનેશનલ ડાન્સ ગ્રુપ એકટ પ્રસ્તુત કરશે. તેમ જણાવ્યું છે.

### પ્રોપર્ટી એક્સપો અને શોકેસ-૨૦૨૩ ની મુલાકાત લેતા મંત્રી રાઘવજીભાઈ પટેલ અને ભાનુબેન બાબરીયા



ક્રેડાઈ રાજકોટ બિલ્ડર્સ એસોસીએશન તથા ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડીયન ઇન્ટિરિયર ડિઝાઇનર્સ-સૌરાષ્ટ્ર ચેપ્ટર દ્વારા રેસકોર્ષ ગ્રાઉન્ડ રાજકોટ ખાતે આયોજીત પ્રોપર્ટી એકસપો અને શોકેશ-૨૦૨૩ માં ગઇકાલ રાત્રે કૃષીમંત્રી રાઘવજીભાઈ પટેલ અને મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રી ભાનુબેન બાબરીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે મંત્રી રાઘવજીભાઈ પટેલે કહ્યું હતું કે, સૌરાષ્ટ્રના પાટનગર તરીકે જાણીતા રંગીલા રાજકોટની રેસીડેન્સીયલ, ઇન્ડસ્ટ્રીયલ અને કોમર્શિયલ જેવા તમામ ક્ષેત્રોની બિલ્ડીંગની જરૂરિયાતોને પૂરી પાડવામાં બિલ્ડરોનો મોટો ફાળો રહ્યો છે. રાજકોટને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવામાં બિલ્ડરોનું ખૂબ મહત્વનું યોગદાન છે. રાજકોટના લોકો માટે બિલ્ડરો સારી સારી યોજનાઓ ઇન્ડસ્ટ્રીયલ બિઝનેસ અને કોમર્શિયલ ક્ષેત્રે લઈ આવે એવી અપેક્ષા છે. રાજકોટ સૌરાષ્ટ્રનું સૌથી વધુ વિકસિત શહેર છે અને પ્રોપર્ટી ક્ષેત્રે રાજકોટમાં પોતાનું રોકાણ હોય તેવું સૌરાષ્ટ્રભરના લોકો ઈચ્છતા હોય છે.

આ તકે રાજકોટ બિલ્ડર્સ એસોસિએશનના પ્રમુખ પરેશભાઇ ગજેરા, દિલીપભાઈ લાડાણી, ભરતભાઈ પટેલ, રાજદિપસિંહ જાડેજા, સુજિતભાઈ ઉદાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

---

રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન વિભાગના સંયુકત ઉપક્રમે

# આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૩ યોજાશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

મેયર ડો. પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન પરેશભાઈ પીપળીયા એક સંયુકત યાદીમાં જણાવે છે કે, મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન વિભાગના સંયુક્ત ઉપક્રમે તા.૧૨ ના રોજ સવારે ૯:૩૦ કલાકે ધર્મેન્દ્રસિંહજી કોલેજ (ડી.એચ. કોલેજ)ના ગ્રાઉન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૩ યોજાશે.

આ પતંગ મહોત્સવમાં ૧૬ દેશોના ૪૧ કાઈટીસ્ટો જેમકે, ઇન્ડોનેશિયા, મલેશિયા, પોલેન્ડ, નેધરલેન્ડ અને સાઉથ આફ્રિકા જેવા દેશના પતંગબાજો તેમજ ભારતના ૭ રાજ્યોમાંથી રાજસ્થાન, સિક્કિમ, મધ્યપ્રદેશ, પોંડીચેરી, તેલંગણા કર્ણાટક અને ઓડીસ્સાના ૧૮ તેમજ રાજકોટ સહિત ગુજરાતના ૯૯ પતંગબાજો ભાગ લેનાર છે. આ સાથે G20 સમિટનો પણ બહોળો પ્રચાર-પ્રસાર કરવામાં આવશે. સમગ્ર રાજયમાં ૮ થી ૧૪ જાન્યુઆરી દરમ્યાન જુદા જુદા જીલ્લાઓમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે.

---

ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા

# રાજકોટ-મુંબઈની સવારની ફરી શરૂ કરવા રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

એરઇન્ડિયા દ્વારા મુંબઇ-રાજકોટ-મુંબઇની સવારની ચાલતી ફલાઇટ છેલ્લા ૬-૮ માસ થયા બંધ કરવામાં આવેલ છે. તે અંગે આ ફલાઇટ ફરી શરૂ કરવા ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા અગાઉ તા.૧૯/૯/૨૦૨૨ ના રોજ રજૂઆત કરવામાં આવેલ. ત્યારબાદ વારંવાર આ રજૂઆત અંગે રીમાઇન્ડર કરવામાં આવેલ. ફરી વખત રજૂઆત કરવામાં આવેલ અને જે-તે સમયે એરક્રાફ્ટની વ્યવસ્થા ન હોવાથી વ્યવસ્થા થતા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવેલ તેમ જણાવેલ. પરંતુ હજુ સુધી આ ફલાઇટ શરૂ કરવામાં આવેલ નથી. તેથી આ વિસ્તારના સવારના મુંબઇ જતા અને સાંજના મુંબઇથી આવતા મુસાફરોને ખુબ જ મુશ્કેલી પડી રહેલ છે. તેથી આ ફલાઇટ તાત્કાલીક અસરથી ફરી ચાલુ કરવા ભારપૂર્વકની રજૂઆત એરઇન્ડિયાના લાગતા વળગતા અધિકારી સમક્ષ તેમજ કેન્દ્રના એવીએશન મંત્રી જયોતીરાદિત્ય સીંધીયા સમક્ષ રજૂઆત કરવામાં આવેલ છે. આ ઉપરાંત હાલમાં દરેક ફ્લાઇટમાં ભાડા ખુબ જ વધારી દેવામાં આવેલ છે. તે બાબતે પણ કેન્દ્ર સરકારના એવીએશન મંત્રીને રજૂઆત કરવામાં આવેલ છે. ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખ રાજીવભાઇ દોશી તથા માનદસહમંત્રી સુનીલભાઇ ચોલેરા દ્વારા જણાવવામાં આવેલ છે.

---

# બગસરા ડેપોના મહિલા બસ કંડકટરની પ્રમાણિકતા

## રૂ.૫૨ હજાર ભરેલી થેલી ભૂલી ગયેલા મુસાફરને નાણાં પરત કરાવ્યા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭: તા.૩/૧/૨૦૨૩ ના દિવસ દરમ્યાન અમરેલી ડિવિઝન વિભાગના બગસરા ડેપોમાં ફરજ બજાવતા ભાવનાબેન નાગજીભાઈ ચૌહાણ કે જેઓ વડીયાથી અમરેલી નાઈટ આઉટ રૂટમાં ફરજ ઉપર હોય તે દરમ્યાન કોઈ મુસાફરના પૈસાની થેલી બસમાં ભુલી ગયા હોય જે કાપડની થેલીમાંથી રૂા.૫૨૩૦૦ જે મહિલા કંડકડર ભાવનાબેનને મળેલ હોય જેમની જાણ અમરેલી ડેપોમાં ફરજ પરના ટ્રાફીક કંટ્રોલર કમલેશભાઈ મહેતાને જાણ કરવામાં આવેલ હોય કે મને મારી ચાલુ ફરજ દરમ્યાન પૈસાની થેલી મળી આવેલ છે. કોઈ મુસાફર ભુલી ગયેલ છે કોઈ મુસાફર આવે તો મને જાણ કરી બોલાવશો. થોડીવારમાં જે મુસાફર પૈસાની થેલી ભુલી ગયો હોય તે ચેતનભાઈ વાલજીભાઈ સોંધરવા દોડી આવેલ અને ખરાઈ કરી પૈસા રૂા.૫૨,૩૦૦ ફરજ પરના ટ્રાફીક કંન્ટ્રોલરની હાજરીમાં રકમ પરત કરેલ છે. અને આ પૈસાની થેલી લેતી વખતે કંડકડર ભાવનાબેન નાગજીભાઈ ચૌહાણનો આભાર માનેલ અમરેલી ડેપોમાં ફરજ પરના ટી.સી. કમલેશભાઈ બી.મહેતા તેમજ પિયુષભાઈ જે.જોષી જણાવવામાં આવેલ છે.

---

# શહેરની આઠ હોસ્પિટલોમાં ફાયર સેફ્ટી અંગે મોકડ્રીલ યોજાઈ





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭: મહાનગર પાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી શાખા દ્વારા તા.૬ જાન્યુઆરીના રોજ ચીફ ફાયર ઓફિસર આઇ.વી.ખેર અને ડે.ચીફ ફાયર ઓફિસર બી.જે. ઠેબાના ઉચ્ચ માર્ગદર્શન હેઠળ શહેરની વિવિધ હોસ્પિટલો જેવી કે આશુતોષ હોસ્પિટલ, ગાયત્રીનગર મેઇન રોડ, પ્રભુ કૃપા હોસ્પિટલ, જયુબિલીની બાજુમાં, દેવ હોસ્પિટલ, વિદ્યાનગર મેઇન રોડ, ઈશા હોસ્પિટલ, સંતકબીર રોડ , જય ભોજલરામ સોસા-૫, સિનર્જી હોસ્પિટલ, અયોધ્યા ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, વિનસ હોસ્પિટલ, કે.કે.વી હોલ પાસે, કાલાવડ રોડ, વ્રજ હોસ્પિટલ બાલાજી હોલ, ૧૫૦ ફૂટ રીંગ રોડ તેમજ જીનેસીસ હોસ્પિટલ, રૈયા રોડ, બાપા સિતારામ ચોક, ખાતે રાજકોટ ખાતે ફાયર સેફટી અંગે મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ છે.

---

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## રાજકોટમાં આજે રોમાંચ ટી-૨૦ જંગ

સ્પીન અને ફાસ્ટ બંને પ્રકારના બોલરોએ કંજુસી સાથે બોલિંગ કરવી પડશે અને શ્રીલંકાના બેટધરોને બાંધી રાખવા પડશે. બીજા ટી-૨૦ મેચમાં ભારતના બોલરોએ ખુબ રન આપી દીધા હતા. તેમાય મધ્યમ ઝડપી બોલર અર્શદીપસિંઘના અણીના તબક્કે પાંચ નો-બોલ ટીમને મોંઘા પડી ગયા હતા અને જીતની બાજી હારમાં પલટાઈ ગઈ હતી. એવું ફરી ન થાય એ માટે ભારતીય ટીમ દરેક વિભાગમાં શાનદાર પ્રદર્શન કરે એ જરૂરી છે. ટીમના ઓપનર પણ સારી શરૂઆત આપતા ન હોવાથી મધ્યમ ક્રમના બેટધરો પર વધુ બોજો આવી જાય છે. એટલે ઇશાન કિશન અને શુભમન ગીલ પાસે સારી શરૂઆતની અપેક્ષા રાખવામાં આવે છે. સ્પિનર યુજવેન્દ્ર ચહલ માટે આ મેદાન ખૂબ લકી છે. આ મેદાન પર ચહલને સૌથી વધુ પાંચ વિકેટ મળી છે. સ્ટેડિયમ આજે સાંજે પ્રેક્ષકોની ચિચિયારીઓ અને હર્ષનાદોથી ગુંજી ઉઠશે. મેચ દરમ્યાન ડીજે ની પણ જમાવટ જોવા મળશે. આ ફ્લેટ પીચ પર જો પહેલો દાવ લેવાની તક મળે તો ભારતીય ટીમ ચોક્કસ જંગી જુમલો ખડકશે એવી ક્રિકેટચાહકોને આશા છે. રાજકોટ અને સૌરાષ્ટ્રભરમાં આજે ક્રિકેટનો રોમાંચ અને ફીવર છવાઈ ગયા છે. ચાહકોને આશા છે કે, ભારત ચોક્કસ ટ્રોફી જીતશે.

આજે બપોરથી જ જામનગર રોડ પર જબરદસ્ત અવર-જવર જોવા મળી રહી છે. પ્રેક્ષકોને બપોરે ૪ વાગ્યાથી સ્ટેડિયમમાં પ્રવેશ અપાનાર છે એટલે પ્રેક્ષકો અત્યારથી ધસારો કરી રહ્યા છે. સ્ટેડિયમની આસપાસ અને અંદર પણ સંગીન સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ટીમના કલરની ટોપી અને ચશ્માનું પણ ધૂમ વેચાણ થઇ રહ્યું છે.(૨.૧૨)

## હવે BRTS રૂટ પર વાહન ચલાવનારાની ખેર નથી

રૂટ ખાસ બનાવવામાં આવ્યા છે. છતાં લોકો આ રૂટ પરથી જ વાહનો હંકારતા જોવા મળે છે. અમદાવાદમાં હવે ટ્રાફિક પોલીસ અને બીઆરટીએસ દ્વારા આવા વાહનચાલકો માટે જોરદાર ઝુંબેશ કરવામાં આવે છે. શહેરમાં અલગ અલગ સ્થળે બીઆરટીએસ રૂટ પર નીકળેલા વાહનચાલકોને રોકીને ૧૯૦ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા અને મોટો દંડ પણ વસુલ કરવામાં આવ્યો હતો. રાજકોટ કે અન્ય શહેરોમાં પણ આ સમસ્યા છે. લોકો તમામ નિયમો તોડીને બીઆરટીએસના માર્ગ પર ઘુસી જાય છે અને વાહનો ચલાવતા દેખાય છે. રાજકોટમાં પણ ટ્રાફિક પોલીસ આવી ઝુંબેશ શરૂ કરે એવી લોકમાંગણી થઇ રહી છે. તાજેતરમાં રાજકોટ ખાતે બીઆરટીએસ રૂટ પર ઘોડે સવારી કરીને નીકળેલા કેટલાક શખ્સો સામે પોલીસે કાર્યવાહી કરી હતી. આવી કામગીરી ઝુંબેશના રૂપમાં ચલાવવામાં આવે તેવી લોકલાગણી છે.(૨.૧૨)

## ચાઈનીઝ રમકડા પર સર્જીકલ સ્ટ્રાઈક, ચારેતરફ દરોડા

ગુણવતાના રમકડાની દાણચોરી થતી હોવાનું પ્રાથમીક તપાસમાં બહાર આવ્યુ છે. ચીનની એકપણ કંપની પાસે ભારતમાં રમકડા નિકાસ કરવાના લાયસન્સ નથી.બીઆઈએસ ભારતની સ્ટાંડર્ડ એજન્સી છે. જે વિવિધ પ્રોડકટોની ગુણવતાના માપદંડો નકકી કરવા સાથે નિયમીત ચકાસણી કરે છે. આયાત માટે બીઆઈએસનું સર્ટીફિકેટ અનિવાર્ય હોય છે. ઉપરાંત ઘરઆંગણાના ઉત્પાદનોમાં પણ બીઆઈએસ માર્ક જરૂરી હોય છે.જાન્યુઆરી ૨૦૨૧થી ભારત સરકારે તમામ રમકડા ઉત્પાદકો તથા આયાતી રમકડા માટે બીઆઈએસ સર્ટીફીકેટ ફરજીયાત બનાવ્યુ હતું. બાળકોને રમવા માટે અપાતા રમકડાની ગુણવતા સારી હોય અને આરોગ્યને કોઈ અસર ન થાય તેવા ઉદેશ સાથે આ કાયદો ઘડવામાં આવ્યો હતો. ભારતમાં ૮૦૦ જેટલા રમકડા ઉત્પાદકો છે અને તે મોટાભાગે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગક્ષેત્રના જ છે. તેઓ પાસે બીઆઈએસનું લાયસન્સ છે.(૯)

## મે-જૂન મહિનામાં દેશમાં ઈ-પાસપોર્ટ બનવા શરૂ થઈ જશે

આવેલી જાણકારી અનુસાર યોજનાને મંજૂરી અપાઈ ચૂકી છે. તેના માટે ટૂંક સમયમાં એક ત્રિપક્ષીય સમજૂતી કરવામાં આવશે. સાત વર્ષમાં પૂરો થઈ જશે પ્રોજેકટ: મંત્રાલયના અનુસાર યોજના માટે ૨૬૮ કરોડ રૂપિયાને મંજૂરી અપાઈ છે અને સાત વર્ષમાં આ પ્રોજેકટ પૂરો થઈ જશે. આ પ્રોજેકટ માટે જરૂરી સંસાધનોની ખરીદી માટે આઈએચપી નાસિકને અધિકૃત કરાઈ છે.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## રાજકોટમાં મનપાની જોરદાર ખાદ્ય ગુણવત્તા ચકાસણી ઝુંબેશ, ૩ પેઢીને કુલ ૪૦ હજારનો દંડ

વીકાણીને રૂ.૧૦ હજારનો દંડ કરવામાં આવ્યો હતો. શહેરની ૧૨ જેટલી પેઢીને લાયસન્સ મેળવવા સુચના આપવામાં આવી હતી. એ જ રીતે જલારામ ચીકી, મોહિની ચીકી, અજય ચીકી સેન્ટર, મોમાઈ લાઈવ ચીકી, જય બજરંગ લાઈવ એ-વન ચીકી, ન્યુ પટેલ ડેરી ફાર્મ, જાગનાથ ડેરી ફાર્મ વગેરે સ્થળે ચકાસણી કરવામાં આવી હતી.(૨.૧૨)

## કલેકટર તંત્ર દ્વારા ૪ કરોડની કિંમતની ૬૦૦ ચો.મી.સરકારી જમીન ખાલી કરાવાઈ

અંદાજિત રૂ ૪ કરોડની કિંમતની ૬૦૦ ચોરસ મીટર જેટલી સરકારી જમીન ખાલી કરાવવામાં આવી છે. આ તકે પશ્ચિમ મામલતદાર જાનકી પટેલે કહ્યું હતું કે, આ જગ્યાના દબાણ કર્તાઓને અગાઉ પણ નોટીસ પાઠવવામાં આવી હતી પરંતુ તેઓએ ધ્યાને ન લેતા ગેરકાયદે થયેલા બાંધકામોને ખાલી કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું છે.ખાલી કરાયેલી જમીન પર ફરીવાર દબાણ થાય તો દબાણકર્તા વિરૂધ્ધ ગુજરાત લેન્ડ ગ્રેબીન્ગ એક્ટ-૨૦૨૦ અન્વયે કાર્યવાહી કરવામાં આવશે.

# જામનગરમાં ચારિત્ર્યની શંકા કરી પત્ની અને પુત્રીને મોતને ઘાટ ઉતારતો પતિ

## લાલપુર બાયપાસ ચોકડી પાસેથી માતા–પુત્રીની લાશ મળી રાજકોટ પોલીસે હત્યારા પતિને દબોચી લઈ જામનગર પોલીસના હવાલે કર્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ.તા.૭

જામનગર લાલપુર બાયપાસથી રાજકોટ હાઈવે પર મોરકંડાની ધાર પાસે આવેલી હોટલની પાછળથી અવાવરૂ જગ્યામાંથી માતા અને માસુમ પુત્રીની ગળુ કાપી હત્યા કરાયેલા મૃતદેહો મળી આવતા પોલીસ બેડામાં દોડધામ મચી ગયો છે અને માતા-પુત્રીની ઓળખ મેળવીને પરિવારને જાણ કરી હતી. દરમિયાન રાજકોટ પોલીસે માતા- પુત્રીની હત્યા કરનાર પતિને હોસ્પિટલ ચોક પાસેથી દબોચી લઈ આકરી પુછપરછ કરતા તેને ચારિત્ર્યની શંકાએ પત્નિ અને બે વર્ષની પુત્રીની ગળુ કાપી હત્યા કરી હોવાનું રટણ કરતા પોલીસે વિશેષ પુછપરછ માટે મથામણ કરી છે. આ અંગેની માહિતી મુજબ લાલપુર બાયપાસ નજીક આવેલી હીંગ-વે હોટલના પાછળના ભાગે બાવળની જાળીમાંથી આજે સાંજે બે વર્ષની બાળકી અને ૨૪ વર્ષીય યુવતીના મૃતદેહો મળી આવતા પોલીસમાં દોડધામ મચી ગઈ હતી અને પીએસઆઈ બી એસ વાળા તેમજ પંચ બી ના પીએસઆઈ મોરી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહની ઓળખ મેળવવા જામનગરના દરેક વિસ્તારમાં રહેતા માતા શબાનાબેન તારીફભાઈ અને તેણીની બે વર્ષની પુત્રી રૂબીના હોવાનું જાણવા મળ્યુ હતું. વધુમાં પોલીસમાંથી જાણવા મળ્યુ છે કે, તેણીના પતિએ જ હત્યા કરીને ફરાર થઈ ગયો છે અને રાજકોટ સીટી એ ડીવીઝન પોલીસ મથકના પીએસઆઈ ભુકણ સહીતના સ્ટાફે પેટ્રોલીંગ દરમિયાન હોસ્પિટલ ચોક પાસેથી શંકસ્પદ હાલતમા મળી આવેલા દરેડના તારીફ કાળુભાઈની અટકાયત કરી પુછપરછ કરતા તેને ચારિત્ર્યની શંકાએ પત્ની અને બે વર્ષની પુત્રીની ગળુ કાપી હત્યા કરી હોવાનું રટણ કરતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# આરોપીને લોક-અપમાં નહી રાખવા અને માર નહિ મારવાના બદલામાં લાંચ લેનાર મહિલા એએસઆઈ ઝડપાઈ

## અગાઉ ૧૦ હજાર લઈ લીધા બાદ બીજો હપ્તો સ્વીકારતા એસીબીના છટકામાં રંગેહાથ ઝડપાઈ

રાજકોટતા.૭

માલવિયાનગર પોલીસ સ્ટેશનના ઈન્વેસ્ટીગેશન રૂમમાં એસીબીએ સફળ છટકુ ગોઠવી મારામારીના કેસમાં આરોપીને સવલતો આપવા ૧૦ હજારની લાંચ લેતા મહિલા એએસઆઈને રંગેહાથ ઝડપી લેતા પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે. આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં રહેતા એક મહિલા તથા તેના પતિ તથા અન્ય વિરૂધ્ધ માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં મારામારીનો ગુનો નોંધાયો હતો જેમાં આ મહિલાના પતિને અટક કરવાના બાકી હોય જેની તપાસ મહિલા એએસઆઈ ગીતાબેન યશવંતકુમાર પંડયા (ઉ.૫૦), પાસે હોય જેથી ગીતાબેનને મહિલા મળવા જતા આરોપી પતિને લોકઅપમાં ન રાખવા, માર ન મારવા અને તુરંત જ જામીન ઉપર છોડી દેવા માટે રૂા.૨૦ હજારની લાંચ માંગી હતી જે પેટે અગાઉ મહિલાએ ગીતાબેનને ૧૦ હજાર આપી દીધા હતા પરંતુ હવે બાકીના ૧૦ હજાર તે આપવા માંગતા ન હોય જેથી એસીબીમાં ફરિયાદ આપતા ડીવાયએસપી વી કે પંડયાના માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ એસીબી પીઆઈ એચ એમ રાણા સહિતના સ્ટાફે માલવિયાનગર પોલીસ સ્ટેશન બહાર છટકુ ગોઠવ્યું હતુ જેમાં ફરિયાદી મહિલા બાકીના ૧૦ હજાર રૂપિયા એએસઆઈ ગીતાબેન પંડયાને ઈન્વેસ્ટીગેશન રૂમમાં આપવા જતા તુરંત જ એસીબી સ્ટાફ પ્રગટ થયો હતો અને લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધા હતા પોલીસ સ્ટેશનમાં જ એસીબીએ સફળ છટકું પાર પાડતા પોલીસબેડામાં ચકચાર મચી જવા પામી છે. લોકઅપમાં નહી રાખવા અને માર નહિ મારવાના બદલામાં રૂા.૧૦ હજારની લાંચ લેનાર મહિલા એએસઆઈ ગીતાબેન પંડયાએ રાત લોકઅપમાં વિતાવી હતી.

# રાજકોટમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વડાપ્રધાન મોદીના માતૃશ્રીની સ્મૃતિમાં બનનાર હીરાબા સ્મૃતિ તળાવનું ખાતમુહૂર્ત સંપન્ન



'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે આવેલા ગીરગંગા ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા સહિતના હોદ્દેદારો તસવીરમાં નજરે પડે છે.




## કલેકટર અરૂણ મહેશ બાબુના હસ્તે ન્યારી નદી પર સાકાર થનારા હીરાબા તળાવનું ખાતમુહૂર્ત કરાયું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૭

રાજકોટમાં ન્યારી નદી પાસે નિર્માણ પામનારા હીરાબા સ્મૃતિ તળાવનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કાલાવડ રોડ પર વાગુદળ ગામના પાટીયા પાસે ન્યારી નદી પર ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા બાલાજી વેફર્સના સહયોગથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માતૃશ્રીની સ્મૃતિમાં હીરાબા સ્મૃતિ તળાવનું ખાતમુહૂર્ત કલેકટર અરૂણ મહેશ બાબુના હસ્તે સંપન્ન કરવામાં આવ્યું હતું.

કલેકટર અરૂણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે, ટ્રસ્ટ દ્વારા બનેલા ચેકડેમથી ભૂગર્ભના પાણીનું લેવલ ખૂબ ઊંચું આવશે. ધારાસભ્ય દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીના જળસંરક્ષણ અભિયાનને સાકાર કરવા ગીરગંગા પરિવાર ટ્રસ્ટ સાથે જોડાઈને આ કામને વેગ આપવા મારી અપીલ છે. જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપત બોદરે દાતાઓને અપીલ કરી હતી કે, એમના આર્થિક સહયોગથી જિલ્લાના પાંચેક હજાર ચેકડેમ રીપેર થાય તો મારું ગામ પાણીવાળું ગામ બની શકે. મેયર ડો.પ્રદીપ ડવએ સમાજના જાગૃત નાગરિકોને પાણીની કિંમત સમજી ગીરગંગા પરિવારમાં જોડાવવા અપીલ કરી હતી. પૂર્વ કેન્દ્રીયમંત્રી ડો. વલ્લભભાઈ કથીરિયાએ કહ્યું હતું કે, ગીરગંગા ટ્રસ્ટ દ્વારા ઓછા ખર્ચે દાતાઓના સહયોગથી ચેકડેમો નિર્માણ થઇ રહ્યા છે. સરકાર આવી સંસ્થાને સાથે રાખે તો યોજનાઓ સાકાર થઇ શકે.

આ પ્રસંગે ડેપ્યુટી કલેકટર જયેશભાઈ પટેલ, બાલાજી વેફર્સના ભીખુભાઈ વિરાણી અને ચંદુભાઈ વિરાણી, પૂર્વ ધારાસભ્ય બાવનજીભાઈ મેતલીયા, સીદસર ઉમિયાધામના પ્રમુખ જેરામભાઈ વાંસજાળિયા, રમેશભાઈ ઠક્કર, કિશોરભાઈ ટીલાળા, જયંતિભાઈ સરધારા, ભરતભાઈ ટીલવા, પ્રવીણભાઈ ભુવા, રોહિતભાઈ ત્રિવેદી, મિત્તલ ખેતાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પ્રકૃતિપ્રેમી વીરાભાઈ હુંબલ, મુળજીભાઈ ભીમાણી વગેરેએ દાતાઓને અપીલ કરી હતી કે, પાણી બચશે તો જ જિંદગી બચશે.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા, દિનેશભાઈ પટેલ સહિતના હોદ્દેદારોએ ખાસ હાજરી આપી હતી.(૨.૧૨)

# સુપ્રસિધ્ધ શાસ્ત્રીય ગાયક અને પદ્મશ્રી પંડિત ઉલ્હાસ કશાલકરના ગાયનમાં આલૌકિક માહોલ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટઃ નીઓ રાજકોટ ફાઉન્ડેશ દ્વારા આયોજીત સપ્ત સંગીતિ ૨૦૨૩ ના માધ્યમથી રાજકોટવાસીઓને સપ્તકના પંચમ સુર સમા પાંચમા દિવસના કલાકાર પંડિત ઉલ્હાસ કશાલકરે સંગીતપ્રિય શ્રોતાઓને સુરોથી તરબતર કરી દીધા હતા. ઉભરતી પ્રતિભાઓમાં રાજકોટના યુવા કલાકાર ચેતન રાઠોડે પ્રથમ વખત મંચ ઉપર બાસુરીના સુર અને યશ પંડયાએ તબલાની સુંદર જુગલબંધીથી શ્રોતાઓને ડોલાવ્યા હતા. પાંચમાં દિવસના પેટ્રન ઓમનીટેક એન્જીનિયરીંગ પ્રા. લી. પરિવારના ઉદયભાઈ પારેખ, સુશ્રી ઇન્દુંબેન પારેખ તેમજ શુભેચ્છક ડો. અવિનાશ મારુના શુભ હસ્તે દીપપ્રાગટય દ્વારા કરવામાં આવી હતી. નીઓ રાજકોટ ફાઉન્ડેશન દ્વારા ચાલતી સરકારી શાળાઓમાં સ્માર્ટ કલાસરૂમ જેવી શૈક્ષણિક પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવા માટે પારેખ પરિવારે માતબર રકમનું દાન આપવાની ત્વરીત ઘોષણા કરીને તેમની સત્કર્મ અને સત્કાર્ય માટે કંઈક કરી છુટવાની ભાવના પ્રગટ કરી હતી.

# વાંકાનેરમાં ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા બે ઝડપાયા




**(મયુર ઠાકોર દ્વારા)**

વાંકાનેર, તા.૭

ગુજરાત સરકાર દ્વારા ઉતરાયણના પર્વ નિમિત્તે ચાઈનીઝ દોરાના કારણે લોકોને નુકસાન ન પહોંચે તે માટે ચાઈનીઝ દોરાને પ્રતિબંધિત જાહેર કરવામાં આવ્યો છે છતાં પણ અમુક ઇસમો દ્વારા નિયમો તથા કાયદાનો ઉલાળીયો કરીને બેફામ ચાઈનીઝ દોરાનું વેચાણ કરવામાં આવે છે તેના પર વાંકાનેર પોલીસ ત્રાટકી હતી અને આવા ઇસમોને કાયદાનું ભાન કરાવ્યું હતું. જેમાં પ્રથમ કિસ્સામાં વાંકાનેર શહેરમાં ધર્મચોક નજીક આરોપી અલ્પેશ જસવંત શેખ ચાઈનીઝ દોરીની રૂપિયા ૩૦૦ની કિંમતની એક ફીરકી સાથે મળી આવ્યો હતો જ્યારે અન્ય કિસ્સામાં આરોપી સંજય ધીરુભાઈ દેગામા ગરબી ચોક પાસે આવેલ કનૈયા મંડપ સર્વિસના ગોડાઉનમાં રૂપિયા ૩,૦૦૦ ની કિંમતની ૧૦ નંગ ચાઈનીઝ દોરાની ફીરકી સાથે મળી આવ્યો હતો.બને કિસ્સામાં પોલીસે ઇ.પી.કો. કલમ- ૧૮૮ તથા જી.પી.એકટ કલમ-૧૩૧ તથા ૧૧૭ મુજબ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# બીમારીની સારવાર માટે વ્યાજે મહિલાએ રૂા.દોઢ લાખ લીધાઃ બે વ્યાજખોરોનો ત્રાસ

## મહિલા સફાઈ કામદાર પાસે વ્યાજના નાણાંની પઠાણી ઉઘરાણી કરી ત્રણ શખ્સોએ જ્ઞાતી પ્રત્યે અપમાનીત કરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૭

શહેરના અલગ અલગ વિસ્તારોમાં વ્યાજના વિષચક્રમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા અને વ્યાજખોરો સામે કાર્યવાહીકરવા પોલીસે લોકદરબાર યોજી લોકોને ફરિયાદ કરવા અનુરોધ કરવામાં આવતા રોજ શહેરમાં ચાર થી પાંચ લોકો વ્યાજખોરોનો ભોગ બન્યા હોવાની ફરિયાદો પોલીસમાં નોંધાઈ છે. ગઈકાલે પટેલ વિહાર પાછળ નવાગામમાં રહેતી કોળી મહિલાએ બીમારીની સારવાર માટે લીધેલા રૂા.૧ લાખ અને જામનગર રોડ પર સાંઢીયાપુલ પાસે રહેતી મહિલા સફાઈ કામદારને વ્યાજખોરોનો ત્રાસ હોવાની ફરીયાદ નોંધાવી છે. આ અંગેની માહિતી મુજબ નવાગામ આણંદપરમાં સ્લમકવાર્ટરમાં રહેતી રેખાબેન સામતભાઈ રાઠોડ (ઉ.૪૫), નામની કોળી મહિલાને અગાઉ બીમારીની સારવાર માટે નવાગામ છપ્પનીયા ક્વાટરમાં રહેતી હેતલ ધર્મેશ અને રાજનગર ચોક નાનામવામાં રહેતી કાન્તા વિજય ચાવડા નામની બે મહિલા પાસેથી રૂા.૭૦ હજાર અને ૨૫ હજાર વ્યાજે લીધા હોય આ બન્ને વ્યાજખોર મહિલાઓ વ્યાજની પઠાણી ઉઘરાણી કરી અવાર નવાર જાનથી મારી નાખવાની ધમકી આપતી હોવાની ફરિયાદ કુવાડવા પોલીસમાં નોંધાવતા પીએસઆઈ એસ આર વળવીએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# સાબરમતી આશ્રમથી દાંડી સુધીની સાયકલ રેલીને રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ કરાવ્યું પ્રસસ્થાન



## યુવા એનસીસી કેડેટ્સ ૭ દિવસ ૪૦૯ કિ.મી.ની સાયકલ રેલી કરશે

ગાંધીનગરઃ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આજે નેશનલ કેડેટ કોર એન.સી.સી.ના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે 'આત્મનિર્ભર ભારતની યાત્રા, સ્વાવલંબન તરફ...' ના સંદેશ સાથે સાબરમતી આશ્રમથી દાંડી સુધીની સાયકલ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, પૂજ્ય ગાંધીજીની પાવન ભૂમિથી આરંભાયેલી એન.સી.સી.કેડેટ્સની આ સાયકલ રેલી જ્યાં જ્યાંથી પસાર થશે તે પ્રદેશના યુવાનોમાં રાષ્ટ્રભક્તિ, સમર્પણ અને લોકસેવાનો ભાવ પ્રગટ કરશે. આત્મનિર્ભર ભારત માટે સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ વધારવાનું આહ્વાન કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે પૂજ્ય મહાત્મા ગાંધીજીએ આઝાદીની લડત વખતે સ્વદેશી ચળવળ ચલાવી હતી અને નમક સત્યાગ્રહ કર્યો હતો.આ બંનેથી લોકોમાં જોશ અને ઉત્સાહ ઉમેરાયા હતા.આજે આપણી અર્થ વ્યવસ્થાને વધુ સમૃદ્ધ કરવી હશે, આપણા ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા હશે તો ફરી એક વખત સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ વધારવા સૌએ આગળ આવવું પડશે.તો આત્મનિર્ભર ભારત માટે આપણે વ્યક્તિગત યોગદાન આપી શકીશું.

એન.સી.સી.ના યુવાનો હંમેશા અન્ય યુવાનો માટે પ્રેરણાનો સ્રોત રહ્યા છે.જે દેશના યુવાનોમાં રાષ્ટ્રપ્રેમ હોય અને રાષ્ટ્ર માટે ગૌરવની લાગણી હોય એ દેશ સમૃદ્ધ બને છે અને ઉન્નતિ તરફ આગળ વધે છે.સાયકલ રેલીમાં ભાગ લઈ રહેલા એનસીસી કેડેટ્સને રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ અભિનંદન આપીને આ રેલી તેના ઉદ્દેશ્યમાં સફળ થાય એવી શુભકામનાઓ પાઠવી હતી.

એનસીસીના અતિરિક્ત મહા નિર્દેશક મેજર જનરલ અરવિંદ કપૂરે સાયકલ રેલીની વિગતો આપતા જણાવ્યું હતું કે, આત્મનિર્ભર ભારતના સંકલ્પને આગળ વધારવા માટે સ્વાવલંબનનો સંદેશો રાજયના ખૂણેખૂણા સુધી પહોંચાડવા માટે ૭ મી જાન્યુઆરીથી ૧૪ મી જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન સાઇકલ રેલી યોજાશે.૨૫ યુવા એનસીસી કેડેટ્સ ૪૦૯ કિલો મીટરની મુસાફરી કરીને દાંડીમાં નમક સત્યાગ્રહ સંગ્રહાલય ખાતે સાઇકલ રેલીનું સમાપન કરશે.અહીં સાઇકલ રેલી મોટર સાઇકલ રેલીમાં વિલય પામશે. દાંડીથી દિલ્હી સુધીની મોટર સાઇકલ રેલી દ્વારા ભારતની 'સોલ્ટ ટુ સોફ્ટવેર' યાત્રાનો ઉત્સવ મનાવાઈ રહ્યો છે, જેનું સમાપન ૨૮ મી જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ દિલ્હી ખાતે યોજાશે,જેમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પણ પ્રોત્સાહક ઉપસ્થિતિ રહેશે. આ સાયકલ રેલી પ્રસ્થાન પ્રસંગે એનસીસીના અધિકારીગણ, પ્રશિક્ષકો, કેડેટ્સ, સાબરમતી આશ્રમના કર્મચારીગણ સહિત પ્રજાજનો ઉપસ્થિત રહ્યાં હતા.

# મંતવ્ય ચેનલના પત્રકાર ધ્રુવ કુંડેલનો આજે જન્મદિવસ



રાજકોટઃ મંતવ્ય ચેનલના ધ્રુવભાઇ કુંડેલનો આજે જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૩૨ વર્ષ પૂર્ણ કરીને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. મીડિયાના મીત્રો અને શુભેચ્છકો દ્વારા તેમના મો. નં.૯૮૯૮૦ ૪૨૪૩૫ પર જન્મદિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે. ખૂબ ઉત્સાહી અને મળતાવડા સ્વભાવને કારણે ધ્રુવ કુંડેલે ઇલેકટ્રોનિક મીડિયા અને મિત્ર વર્તુળવૃંદમાં એક આગવી ઓળખ ઉભી કરી છે.

# સંસ્કૃતિ આર્ય ગુરૂકુળ દ્વારા ૧૨ વર્ષ સુધીના બાળકોને નિઃશુલ્ક મંત્રોષધિ સુવર્ણપ્રાશનમ અપાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૭

સંસ્કૃતિ આર્ય ગુરૂકુળ - રાજકોટ દ્વારા છેલ્લા પચાસ વર્ષથી નિઃશુલ્ક મંત્રોષધિ સુવર્ણપ્રાશનમ અભિયાન ચલાવવામાં આવે છે.જેમાં પુરા ભારતમાં ૫૦૦ થી વધારે કેન્દ્રો પર દર માસે પુષ્ય નક્ષત્ર પર નિઃશુલ્ક સર્ટિફાઈડ સુવર્નાપ્રશાનામ પીવડાવવામાં આવે છે. આ મંત્રોષધિ સુવર્ણપ્રાશનમ ની કોઈપણ પ્રકારની આડઅસર થતી નથી. બાળકની ઈમ્યુનીટી,પાચન શક્તિ,સ્મરણ શક્તિ વધે છે.બાળક ચપળ બને છે. આ અભિયાનને રાષ્ટ્રપતિ પુરસ્કાર તેમજ ઉપરાષ્ટ્રપતિ પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે. આવા નિઃશુલ્ક મંત્રોષધિ સુવર્ણપ્રાશનમ કેન્દ્રો મોરબી માં ૨૨, રાજકોટમાં ૧૩, તેમજ પુરા ગુજરાતમાં ૧૦૦ થી વધારે છે.

આ વખતનું પુષ્ય નક્ષત્ર કાલ રવિવાર તા. ૮ રોજ છે આ દિવસેથી ૧૨ વર્ષના બાળકોને નિઃશુલ્ક સુવર્ણપ્રાશનમ પીવડાવવામાં આવશે. સંસ્કૃતિ ગર્ભ સંસ્કાર કેન્દ્ર, ૩૦૪ - સોલીટેર બિલ્ડીંગ, ઝેડ બ્લુ ઉપર, ૧૫૦ ફૂટ રીંગ રોડ - રાજકોટ મો.ન. ૯૬૬૪૯ ૧૧૧૮૨ ખાતે સવારે ૧૦ થી ૧૨.૩૦. અને હોલીસ્ટીક સેન્ટર, બી - ૨૫ "ચંદ્ર, પંચવટી કોમ્યુ.હોલ સામે,પંચવટી મેઈન રોડ - રાજકોટ મો.ન. ૯૬૬૪૯ ૧૧૧૮૨ ખાતે સવારે ૧૦ થી ૧૨.૩૦ સુધીના સમય દરમ્યાન આ સુવર્ણપ્રાશનમ ૯ થી ૧૨ વર્ષના બાળકોને નિઃશુલ્ક પીવડાવવામાં આવશે.તેમજ ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા તા.૮ના રોજ નિઃશુલ્ક ધોરણે બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા પીડાવવાનું આયોજન જંકશન પ્લોટ,પોલીસ ચોકી પાસે સાંજના ૬ થી ૭ દરમિયાન કરવામા આવેલ છે.આ સંસ્થા દ્વારા ગત રવિવારે ફીઝીયોથેરાપીના નિઃશુલ્ક-સારવાર કેમ્પનું પણ આયોજન કરવામા આવ્યું હતું.

# રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે

## સોમવારે ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ દ્વારા રકતદાન કેમ્પ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૭

રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તે માટે ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ (ITI) દ્વારા શ્રીમદ્ રાજચંદ્ર સેવા ગ્રુપના સહયોગથી તા.૯ ને સોમવાર સવારે ૧૦ થી ૨ વાગ્યા સુધી ઔદ્યોગિક તાલીમ સંસ્થા જસદણ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં રીનાબેન સી.વિઠલાણી પ્રિન્સીપાલ ITI શ્રીમદ્ રાજચંદ્ર સેવા ગ્રુપના વિનય જસાણી, રાજકોટ સિવિલ હોસ્પિટલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનદ્ સેવા આપશે. તેમ જણાવ્યું છે.

# ટી બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર અને શહેર ભાજપના આગેવાન વોર્ડ નં.૩ ના પ્રભારી દિનેશ કારીયાનો આજે જન્મદિવસઃ ઠેર-ઠેરથી શુભેચ્છા



રાજકોટઃ ટી બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર શહેર ભાજપના આગેવાન અને વોર્ડ નં.૩ ના પ્રભારી દિનેશભાઈ કારીયાનો આજે જન્મદિવસ છે. રાજકોટ શહેર ભાજપના કોષાધ્યક્ષ, મંત્રી, ઉપપ્રમુખ તેમજ પ્રભારી, ગુજરાત રાજય અન્ન આયોગના ડિરેકટર તેમજ વેસ્ટર્ન રેલવે રાજકોટ ડિવિઝનમાં ડીઆરયુસીસી મેમ્બર તરીકે અનેકવિધ જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક સુપેરે નિભાવેલ છે, હાલમાં ટી બોર્ડ ઓફ ઈન્ડીયાના મેમ્બર અને વેસ્ટન રેલવેમાં ઝેડ.આર.યુ.સી.સી. મેમ્બર તરીકે સેવા આપી રહ્યા છે અને વોર્ડ નં.૩, ભાજપના પ્રભારી તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. આ ઉપરાંત ગત વર્ષે ગુજરાત ટી ટ્રેડર્સ એસોસિએશનના પ્રમુખપદે સતત ત્રીજી વખત બીરાજમાન થઈ ચા-બજારનું ગૌરવ વધારેલ છે. ફેડરેશન ઓફ ઓલ ઈન્ડીયા ટી ટ્રેડર્સ એસોસિએશનના એકઝીકયુટીવ મેમ્બર તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ ૩૬ વર્ષથી ચા ના વેપાર સાથે જોડાયેલા છે. આજે 'બ્લેક ગોલ્ડ ટી' શ્રી વલ્લભ ટી પ્રાઈવેટ લી. ના નામનો 'ચા' નો બીઝનેશ પ્રારંભ કરી અને ટૂંકા ગાળામાં મોટી નામના મેળવી છે. આજે તેઓ ૫૫ વર્ષ પૂર્ણ કરી ૫૬ માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. ત્યારે રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, રાજયના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદો મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, ધારાસભ્યો ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, અંજલીબેન રૂપાણી, ધનસુખભાઈ ભંડેરી, નીતિનભાઈ ભારદ્વાજ, જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર સહિતના અગ્રણીઓ તરફથી દિનેશ કારીયાને જન્મદિવસ નિમિતે શુભેચ્છાઓ પાઠવેલ છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
Web: www.saurashtrakranti.com
saurashtrakranti


# રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે રવિવારે મહારકતદાન કેમ્પ

## સમસ્ત લેઉવા પટેલ કોટડિયા પરિવાર ઓલ ગુજરાત રાજકોટ દ્વારા સ્નેહમિલન સમારોહ યોજાશે

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



(તસવીરઃ પંકજ ડાભી)

રાજકોટઃ 'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે આવેલા દિલીપભાઈ કોટડીયા, પ્રજ્ઞેશભાઈ કોટડીયા, છગનભાઈ કોટડીયા, ભાર્ગવભાઈ કોટડીયા, વિનય જસાણી, સી.ટી. કોટડીયા, જતીનભાઈ કોટડીયા તસ્વીરમાં નજરે પડે છે.

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

રાજકોટ તથા જામનગર સિવિલ હોસ્પિટલના લાભાર્થે રવિવારે લેઉવા પટેલ કોટડીયા પરિવાર, ખોડીયાર મિત્ર મંડળ અને આર્શીવાદ મંડપ સર્વિસ, વિરાણી હાઈસ્કૂલ દ્વારા મહારકતદાન કેમ્પનું આયોજન કર્યું છે તેમ જણાવ્યું હતું. રાજકોટ તથા જૂનાગઢ સિવિલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તે માટે શ્રીમદ્ રાજચંદ્ર સેવા ગ્રુપના સહયોગથી ઓલ ગુજરાત રાજકોટ સમસ્ત લેઉવા પટેલ કોટડીયા પરિવારના સ્નેહમિલન સમારોહ નિમિતે તા.૮ ને રવિવાર બપોરે ૩ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી રત્નાગર પાર્ટી પ્લોટ, કણકોટ રાજકોટ ખાતે તેમજ વિરાણી હાઈસ્કૂલના ૭૫ વર્ષ પૂર્ણ થતા ૮ ને રવિવાર સાંજે ૪ થી ૯ વાગ્યા સુધી વિરાણી હાઈસ્કૂલ, ટાગોર રોડ, રાજકોટ અને ખોડીયાર મિત્ર મંડળ તથા આર્શીવાદ મંડપ સર્વિસ દ્વારા ૮ ને રવિવાર સવારે ૯ થી બપોરે ૨:૩૦ સુધી આર્શીવાદ મંડપ સર્વિસમાં પેટ્રોલપંપ (ભારત પેટ્રોલીયમ) ની સામેની શેરીમાં, નાનામવા મેઈન રોડ, રાજકોટ ખાતે મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં સમસ્ત કોટડીયા પરીવાર દિલીપભાઈ કોટડીયા, છગનભાઈ કોટડીયા, પ્રજ્ઞેશભાઈ કોટડીયા તેમજ સર્વે કમિટી મેમ્બર્સ વિરાણી હાઈસ્કૂલ પરીવાર એસ.વી. વિરાણી સ્કૂલ એલુમની અસોસિએશન ખોડીયાર મિત્ર મંડળ આર્શીવાદ મંડપ સર્વિસ શ્રીમદ્ રાજચંદ્ર સેવા ગ્રુપના વિનય જસાણી રાજકોટ તથા જૂનાગઢ સિવિલ હોસ્પિટલના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનદ્ સેવા આપશે. રકતદાતાઓને બહોળી સંખ્યામાં રકતદાન કરવા જણાવાયું છે.

# અમરેલીને રાજકોટ, ભાવનગર, અમદાવાદ સાથે જોડાતા માર્ગને ફોરલેન બનાવવા માંગ

## અમરેલી-બાબરા વચ્ચેના ૩૩ કિ.મી.નો ડબલપટ્ટી માર્ગ બિસ્માર

**(મિલાપ રૂપારેલીયા દ્વારા)**
અમરેલી, તા.૭

અમરેલીથી બાબરા અને અમરેલીથી ચાવંડ વચ્ચેના માર્ગને ફોરલેન બનાવવાની માંગ એકાદ દાયકાથી થઇ રહી છે. અમરેલીને રાજકોટ, જામનગર, દ્વારકા, ભાવનગર, અમદાવાદ, ગાંધીનગર, સુરતને જોડતા માર્ગ પર ઇજારોની સંખ્યામાં વાહનોની અવરજવર હોવા છતાં પણ એકપણ પદાધિકારી કે અધિકારીને માર્ગને ફોરલેન બનાવવાની ઉતાવળ નથી અને બંને માર્ગો ઉપર લગભગ તમામ પદાધિકારીઓ અને અધિકારીઓ પસાર થતા હોવા છતાં આંખ આડા કાન કરતા હોવાનું સૌ માની રહ્યું છે.

અમરેલી-બાબરા વચ્ચેના ૩૩ કિ.મી.નો માર્ગ ડબલપટ્ટી માર્ગ સાવ બિસ્માર બની ગયો છે. તેવી જ રીતે અમરેલી-ચાવંડ વચ્ચેનાં માર્ગની પહોળાઇ પણ ઓછી જોવા મળી રહી છે. અમરેલીથી રાજકોટ વચ્ચે દરરોજ હજારો વાહનોની અવરજવર હોય છે. તેમજ અમરેલી-ચાવંડ વચ્ચે પણ હજારો વાહનોની અવરજવર હોય છે.

જો અમરેલીથી બાબરા અને ચાવંડ વચ્ચેનો માર્ગ ફોરલેન બને તો બાબરા અને ચાવંડથી રાજકોટ-ભાવનગર વચ્ચેનો માર્ગ ફોરલેન હોય જેની સાથે જોઇન્ટ થતા અમરેલી થી રાજકોટ-જામનગર, મોરબી, દ્વારકા કે કચ્છ સુધી જવામાં તેમજ અમરેલી થી ભાવનગર સુધી ફોરલેન માર્ગની સુવિધા પ્રાપ્ત થઇ શકે તેમ છે. માત્ર ૩૩-૩૩ કિ.મી.નો માર્ગ પહોળો બને તો અમરેલીની જનતામાં રાહત ઉભી થઇ શકે તેમ છે.

જો કે બંને માર્ગોનો હવાલો નેશનલ હાઇવેને સોંપી દેવાયાનું સૌ કહે છે પરંતુ, નેશનલ હાઇવે વિભાગને પણ બંને માર્ગોને પહોળા બનાવવાની ઉતાવળ જોવા મળતી નથી.

# કાલે ગુજરાત ચુંવાળીયા કોળી સમાજના હોદ્દેદારો-આગેવાનોનું સ્નેહમીલન તથા મીટીંગ યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૭ઃ ગુજરાત ચુંવાળીયા કોળી સમાજના હોદ્દેદારો અને આગેવાનોનું સ્નહેમિલન તથા મીટીંગ આવતીકાલે રવિવારે સવારે ૧૦ વાગ્યે કાંતીભાઇ વૈદ્ય કોમ્યુનીટી હોલ ખાતે યોજાશે તેમ જણાવ્યું છે.

ગુજરાત ચુંવાળીયા કોળી સમાજના હોદ્દેદારો તથા આગેવાનોનું સ્નહેમીલન તથા મીટીંગ પ્રમુખ ધર્મેશભાઇ જંજવાડીયાના પ્રમુખ સ્થાને આવતીકાલે તા.૮ના સવારે ૧૦ વાગે કાંતીભાઇ વૈદ્ય કોમ્યુનીટી હોલ, કોઠારીયા મેઇન રોડ, ફાયર બ્રિગેડની બાજુમાં રાખેલ છે. તમામ જીલ્લાના હોદ્દેદારો, આગેવાનોને ઉપસ્થિત રહેવા ચુંવાળીયા કોળી સમાજ ગુજરાતના કન્વીનર દિનેશભાઇ મકવાણા, ઉપપ્રમુખ નટુભાઇ કુંવરીયા, સી.આર.પરસોંડા, ભરતભાઇ બાલોન્દ્રા, ભરતભાઇ ડાભી, દેવભાઇ કોરડીયા, સુભાષ અધોલા, વિજયભાઇ મેથાણીયા, ચેતનભાઇ માણસુરીયાની યાદી જણાવ્યું છે.

# આપણે બેંકના ત્રણેય દષ્ટિકોણ સાથે સેટ કરશું તો આ વર્ષના નિયત લક્ષ્યાંક અવશ્ય મેળવીશું : શૈલેષ ઠાકર





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

તાજેતરમાં તા. ૩૧મી ડિસેમ્બરને શનિવારે માર્ગદર્શક મંડળની બેઠક બેંકની હેડ ઓફિસ, 'અરવિંદભાઇ મણીઆર નાગરિક સેવાલય'ના લક્ષ્મણરાવ ઇનામદાર પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે યોજાઇ હતી. આ બેઠકમાં સંચાલક મંડળ સાથે શાખા વિકાસ સમિતિના સદસ્યો તથા ડેલિગેટ્સ દ્વારા વિવિધ વિષયે ચર્ચા-વિચારણા થઇ હતી.

બેંકના ચેરમેન શૈલેષભાઇ ઠાકરે જણાવ્યું હતું કે, 'આ માર્ગદર્શક મંડળની બેઠકનો વિચાર બેંકના પૂર્વ ચેરમેન નલિનભાઇ વસાનો હતો. આપ બધા સારા માર્ગદર્શક છો. દરેકની વાતમાં સંસ્થાના હિતનો જ વિચાર હોય છે. આપણો દેશ આઝાદીના ૭૫માં વરસે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે આપણે ૭૫ હજાર નવાં ખાતાં ખોલી આપણું વિશેષ યોગદાન આપશું. આપ સહુ વિશેષ રીતે સક્રિય થઇ નવાં ખાતાં ખોલવામાં યોગદાન આપીએ. આપણામાં રહેલી ઊર્જા-શક્તિ અને વિચારોને કારણે આ કાર્ય અઘરું નથી. બીજું, આપણે ઝીરો નેટ એનપીએ ધરાવીએ છીએ. આપણે નાના અને મધ્યમ વર્ગના જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવીએ છીએ. સહુએ રાષ્ટ્ર અને સમાજનું કામ કરવાનું છે. આપણે બેંકના ત્રણેય દષ્ટિકોણ સાથે સેટ કરશું તો આ વર્ષમાં નિયત લક્ષ્યાંક મેળવીશું.'

## આપણે નાના અને મધ્યમ વર્ગ માટે બેંકિંગ કરવું છે : જ્યોતીન્દ્ર મહેતા

જયોતીન્દ્રભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, કોરોનાકાળ દરમિયાન આપણી બેંકે આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનામાં સૌથી વધુ કામ કર્યું. ૪૦ હજાર લાભાર્થીઓને રૂા. ૫૨૨ કરોડની લોન આપી. આ યોજનામાં ૬૦ ટકા ખાતેદારોએ પ્રથમ વખત જ લોન લીધી. બેંકના ઇન્ચાર્જ સીઇઓ યતીનભાઇ ગાંધીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, 'તા. ૩૦-૯-૨૦૨૨ની સ્થિતિએ બેંકની ડિપોઝીટ રૂા. ૫,૫૨૮ કરોડ, ધિરાણ રૂા. ૩,૦૮૮ કરોડ, લો-કોસ્ટ રૂા. ૧૬૮૪ કરોડ છે. બેંકના સેવિંગ અને કરંટના કુલ ખાતેદારો ૬,૨૨,૬૫૧ છે. ૭૦,૭૦૭ ખાતેદારો મોબાઇલ બેંકિંગનો અને ૪૫ ટકાના વધારા સાથે ૮૧,૯૫૭ ખાતેદારો યુપીઆઇનો વપરાશ કરે છે. વ્હોટ્એપ બેંકિંગમાં ૨૧,૩૭૦ અને બીબીપીએસમાં ૨,૩૨૬ ખાતેદારો જોડાયેલા છે. સોના ધિરાણમાં ૧૦૩ ટકાના વધારા સાથે ૧૭૩ કરોડનું ધિરાણ થયું છે. આરબીઆઇના નવા માપદંડ મુજબ સીઆરએઆર ૧૨ ટકા હોવો જોઇએ તેને બદલે આપણી બેંકનો ૧૯.૧૯ ટકાનો છે જે આપણી આર્થિક મજબૂતી દર્શાવે છે.'

માર્ગદર્શક મંડળની આ બેઠકમાં શૈલેષભાઇ ઠાકર (ચેરમેન), જીમ્મીભાઇ દક્ષીણી (વાઇસ ચેરમેન), ડિરેકટરગણમાંથી જ્યોતીન્દ્રભાઇ મહેતા (પૂર્વ ચેરમેન), ટપુભાઇ લીંબાસીયા (પૂર્વ વાઇસ ચેરમેન), દીપકભાઇ મકવાણા, હંસરાજભાઇ ગજેરા, રાજશ્રીબેન જાની, પ્રદીપભાઇ જૈન, કીર્તિદાબેન જાદવ, કાર્તિકેયભાઇ પારેખ, માધવભાઇ દવે, દિનેશભાઇ પાઠક, અશોકભાઇ ગાંધી, દીપકભાઇ બકરાણીયા, યતીનભાઇ ગાંધી (ઇન્ચાર્જ સીઇઓ), રજનીકાંત રાયચુરા (ડી.જી.એમ.), જયેશભાઇ છાટપાર (એ.જી.એમ.-બેંકિંગ), મનીશભાઇ શેઠ (એ.જી.એમ.-ડી-સેન્ટ્રલાઇઝડ), ટી. સી. વ્યાસ (એ.જી.એમ.-એચ.આર.), હેમાંગભાઇ ઢેબર (સી.એમ.-ક્રેડિટ), પ્રશાંતભાઇ રૂપારેલીયા (સી.એમ.-રિકવરી), ભાવેશભાઇ રાજદેવ (સી.એમ.-એચ.આર.), મેહુલભાઇ શાહ (સી.એમ.-ટ્રેઝરી), યતીનભાઇ ઉપાધ્યાય (સી.એમ.-આઇ.ટી.), મહેશભાઇ જાની (સી.એમ.-એકાઉન્ટ), હર્ષલભાઇ પાઠક (સી.એમ.-સીઆઇએસઓ), ડેલિગેટ્સ અને આમંત્રિતો પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે ઉપસ્થિત રહ્યા હતા.

# ૮૯ ઘરવિહોણા લોકોને રેનબસેરા ખાતે સ્થળાંતર કરાયા





## ઘરવિહોણા લોકો જોવા મળે તો આશ્રયસ્થાનની જાણકારી આપવા મનપા દ્વારા અનુરોધ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ઘરવિહોણા લોકોને આશ્રય મળી રહે તે હેતુથી દિનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના શહેરમાં આશ્રયસ્થાન (રેનબસેરા) કાર્યરત છે. આશ્રયસ્થાનોનો લાભ વધુમાં વધુ ઘરવિહોણા લોકો મેળવે તે માટે તા.૧ થી તા.૫ દરમિયાન શહેરના કિસાનપરા ચોક અને રેસકોર્ષ, ઇન્દિરા સર્કલ, ૧૫૦ રિંગ રોડ પાસે દિવસના તથા રાત્રીના સમય દરમિયાન ડ્રાઈવ કરવામાં આવેલ. જેમાં ૮૯ ઘરવિહોણા લોકોને રેનબસેરા અંગે માહિતી પ્રદાન કરી તમામ લોકોને આશ્રય સ્થાન ખાતે સ્થળાંતર કરવામાં આવેલ છે. આ ડ્રાઈવમાં પ્રોજેક્ટ શાખાના આસી. મેનેજર કાશ્મીરા ડી. વાઢેર, સિનિયર કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર ટી.બી.જાબુકીયા, NULM સમાજ સંગઠકઓ, દબાણ હટાવ શાખા, સુરક્ષા શાખાના કર્મચારીઓ તથા વોર્ડ ઓફિસર તેમજ સંચાલક સંસ્થાઓના પ્રતિનિધિઓ જોડાયેલ હતા. હાલ શિયાળાની ઋતુ હોય ઘરવિહોણા લોકોને આશ્રયસ્થાનનો લાભ લેવા તથા શહેરીજનોને પણ ઘરવિહોણા લોકો જોવા મળે તો આશ્રયસ્થાનની જાણકારી આપવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

આ આશ્રયસ્થાનોમાં ઘરવિહોણાં લોકોને રહેવાની નિઃશુલ્ક સુવિધા ઉપરાંત તમામ પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. તેમજ સંચાલક સંસ્થાઓ દ્વારા અન્ય NGO ના સહયોગથી નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. તમામ આશ્રયસ્થાનોમાં સ્ત્રી અને પુરૂષ વિભાગની અલાયદી વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ ઉપરાંત આશ્રયસ્થાનમાં આશ્રય લેનાર લાભાર્થીઓની આરોગ્ય ચકાસણી, બાળકો માટે આંગણવાડી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં માધ્યમથી શિક્ષણની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવે છે. તેમ જણાવ્યું છે.

આશ્રયસ્થાન/રેનબસેરાનું નામ/સરનામુંઃ
શાળા નં.૧૦ હોસ્પિટલ ચોક રાજકોટ.
ડોરમેટરી, ભોમેશ્વર વાડી શેરી નં.૨ રાજકોટ
બેડીનાકા આજીનદીના કાંઠે રાજકોટ
મરચા પીઠ ઢોર ડબ્બા રાજકોટ(સ્ત્રી વિભાગ)
આજીડેમ ચોકડી જુના જકાતનાકા રાજકોટ
રામનગર આજીવસાહ ૮૦ ફૂટ રોડ

# પત્રકારત્વ ભવનમાં નશાબંધી વિભાગ દ્વારા યોજાયો સેમિનાર



## શ્રેષ્ઠ પ્રશ્નો પૂછનારા વિદ્યાર્થીઓને આકર્ષક ભેટ આપીને પ્રોત્સાહિત કરાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એ.ડી.શેઠ પત્રકારત્વ ભવનમાં નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા સેમિનાર યોજાઈ ગયો, જેમાં શ્રેષ્ઠ પ્રશ્નો પૂછનારા વિદ્યાર્થીઓને આકર્ષક ભેંટ આપી પ્રોત્સાહિત કરાયા હતા.

નશાબંધી આબકારી વિભાગના પી.આઈ. શર્મિલાબેન બારડે વિવિધ પ્રકારના નશા અને વ્યસનોથી થતા ગેરફાયદા વિશે વાત કરી હતી. પૂર્વ સુપ્રિટેન્ડેન્ટ દીપકભાઈ જોશીએ પોતાના અનુભવો વર્ણવી નશો ખરેખર નાશનું મૂળ છે એ સમજાવ્યું તો નશાબંધી નિયોજક શાંતિલાલ ચાનપુરાએ પોતાની રસપ્રદ શૈલીમાં નબળા મનના લોકો નશાના શિકાર બને છે એવું કહ્યું.

ઓજસ્વીની ફાઉન્ડેશનના સ્થાપક હેમલબેન દવેએ મોટિવેશનલ સ્પીચ આપી નશાની ઘાતક્તા વર્ણવી. આ તકે શ્રેષ્ઠ પ્રશ્નો પૂછનારા વિદ્યાર્થીઓ ક્રિપાલસિંહ જાડેજા, પ્રદિપસિંહ જાડેજા અને દ્રષ્ટિ નથવાણીને આકર્ષક ઈનામો અપાયાં અને તમામ વિદ્યાર્થીઓને સ્મૃતિભેટ પણ અપાઈ હતી.

કાર્યક્રમનું સફળ આયોજન ભવનના અધ્યક્ષા ડૉ. નીતાબેન ઉદાણીના માર્ગદર્શન હેઠળ થયું. આ તકે પ્રો. તુષાર ચંદારાણા, ડો.તૃપ્તિ વ્યાસ, ડૉ. જિતેન્દ્ર રાદડિયા, નીલેશ પંડયા હાજર રહ્યા હતા.

# દરરોજ રૂા.૧૫ હજારના ખર્ચે અબોલ જીવોનું હરતું ફરતું અન્નક્ષેત્ર

## અન્નક્ષેત્રમાં નાનો-મોટો આર્થિક સહયોગ આવકાર્ય

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

અર્હમ યુવા સેવા ગ્રુપ અને કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનિમલ હેલ્પલાઇન રાજકોટ દ્વારા ચલાવવામાં આવતા પરમ જીવદયારથને વિમળાબેન દિલીપભાઇ મહેતા તથા દ્વારા ઉમાબેન મહેન્દ્રભાઇ મહેતાનાં (હ. હિતેનભાઈ મહેતા) સ્મરણાર્થે અનુદાન આપવમાં આવ્યું છે. રાજકોટમાં છેલ્લા ૧૮ વર્ષોથી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઇન કાર્યરત છે જે નિઃશુલ્ક પશુ, પક્ષી સારવાર સંસ્થા છે. એનિમલ હેલ્પલાઈન દ્વારા રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવે છે.







રાજકોટનાં વિવિધ ચબૂતરાઓમાં પરમ જીવદયા રથ (હરતું ફરતું અન્નક્ષેત્ર) દ્વારા જરૂરિયાત મુજબ દરરોજ ૫ થી ૧૫ ગુણી ચણ નાખવામાં આવે છે. ખિસકોલીઓને ૩૦ કિલો મકાઈ નાંખવામાં આવે છે. દરરોજ કીડિયારૂં પૂરવામાં આવે છે .દરરોજ માછલીઓને ૩૦ કિલો લોટની ગોળી નાખવામાં આવે છે. દરરોજ ૭૦૦ જેટલા શ્વાનોને વિવિધ વિસ્તારોમાં, વિશેષ વાહનમાં જઇને દૂધ-રોટલીનો ભરપેટ શાકાહારી ભોજન પ્રસાદ આપવામાં આવે છે.

દરરોજ રૂ. ૧૫૦૦૦ ના માતબર ખર્ચે ચાલતા અબોલ જીવોના આ અન્નક્ષેત્રમાં સૌનો નાનો-મોટો આર્થિક સહયોગ આવકાર્ય છે. વસ્તુ સ્વરૂપે પણ દાન આપી શકાશે.ઓનલાઇન અનુદાનની પણ વ્યવસ્થા છે. આપ જાણ કરશો તો આપને ત્યાંથી અનુદાન લેવા આવવાની પણ વ્યવસ્થા છે. સમગ્ર આયોજન અંગે સેતુરભાઈ દેસાઇ, હિતેનભાઈ મહેતા, હિમાંશુભાઈ શાહ, જયેશભાઇ મહેતા સહિતના અર્હમ સેવા યુવા ગ્રુપના સેવાભાવીઓનો સતત સહયોગ મળી રહ્યો છે.

## રાજકોટમાં છેલ્લા ૧૮ વર્ષથી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, અનિમલ હેલ્પલાઈન કાર્યરત

અર્હમ સેવા યુવા ગ્રુપ અને કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત પરમ જીવદયા રથ અંગેની વિશેષ માહિતી માટે હિમાંશુભાઈ શાહ (મો. ૯૮૯૮૦૪૮૧૩૯), જયેશભાઇ મહેતા (મો. ૯૮૨૪૧૫૪૫૪૨), સેતુરભાઈ દેસાઈ (મો. ૯૮૯૮૨૩૦૯૭૫), અર્હમ યુવા સેવા ગ્રુપ (મો.૯૧૩૬૪૪૨૪૯૧), મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯), પ્રતિકભાઈ સંઘાણી (મો. ૯૯૯૮૦ ૩૦૩૯૩), ધીરૂભાઈ કાનાબાર (મો. ૯૮૨૫૦૭૭૩૦૬), રમેશભાઈ ઠક્કર (મો. ૯૯૦૯૯૭૧૧૧૬) એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ , ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ મહેતાનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# હત્યાની કોશિષના ગુન્હામાં આરોપીનો નિર્દોષ છુટકારો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

ઘરમાં ઘૂસી ૩ તોલાનો સોનાનો ચેન લૂંટી ફરિયાદીનુ બાવડું પકડી ફરિયાદીના ભત્રીજાને છરી મારી ઈજા પહોચાડી મહાવ્યથા કરી મૃત્યુ નીપજાવવાની કોશિષના કેસમાં પકડાયેલ આરોપી સંજય મુળુભાઈ રાજપુતનો નિર્દોષ છુટકારો.

આ કેસની હકીકત એવી છે કે, ફરિયાદી હંસાબેન હીરાભાઈ લાલજીભાઈ તેમની દીકરીઓ સાથે ઘરે હતા ત્યારે આરોપી સંજય મુળુભાઈ રાજપુત હીરોહોન્ડા મોટર સાઈકલ ઉપર આવી ફરિયાદીના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ફરિયાદી પાસે દારૂ પીવા માટે પૈસાની માંગણી કરતા ફરિયાદીનીએ ના પાડતા આરોપી ઉશ્કેરાઈ જઈ ફરિયાદીનું બાવડુ ગાળામાં પહેરેલ ૩ તોલાનો સોનાનો ચેન લૂંટીનો આંચકી લઈ ફરિયાદીની તથા તેમની દીકરીઓ રાડો પાડતા ફરિયાદીનો ભત્રીજો દિનેશ રવજીભાઈ શીંગાળા આવી ગયેલ અને વચમાં પડતા આરોપીએ તેની પાસે રહેલ છરી વડે દીનેશ ઉપર હુમલો કરેલ જે ગુન્હા કર્યા અંગેની ફરિયાદીએ ફરિયાદ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા આરોપીની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવેલ અને કોર્ટમાં રજુ કરતા કોર્ટમાં કેસ ચાલતા બચાવ પક્ષે રોકાયેલ એડવોકેટ દ્વારા ફરિયાદી તેમજ સાહેદો પંચોની ઉલટ તપાસ કરવામાં આવેલ તેમજ દલીલોને ધ્યાને લઈને કોર્ટ દ્વારા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

આ કેસમાં આરોપી વતી એડવોકેટ રોહીતભાઈ બી. ઘીયા તથા હર્ષ રોહીતભાઈ ઘીયા રોકાયેલ હતા.

# ૬ વર્ષને બાળ દર્દીએ ભાવૂક અપીલ કરી, ડોક્ટર મને કેન્સર છે,એ મારા મમ્મી-પપ્પાને કહેતા નહીં

(એજન્સી સમાચાર)

હૈદરાબાદ, તા.૭

બાળકો જો કોઈ વસ્તુની ડિમાન્ડ મોટેરાઓને કરે તો, તેની ના પાડી શકતા નથી. પણ હૈદરાબાદના એક ડોક્ટર્સને માસૂમ બાળકે એવી પ્રોમિસ માગી કે, તેમની આંખો ભરાઈ આવી. ૬ વર્ષનું આ બાળક કેન્સરથી ઝઝૂમી રહ્યું છે. તેણે ડોક્ટર્સને કહ્યું કે, તેઓ તેના પેરેન્ટ્સને ન બતાવે કે, તેને કેન્સર છે.



હવે બાળકની સારવાર કરી રહેલા ડોક્ટર્સે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા આ માસૂમ બાળકની સ્ટોરી શેર કરી છે. ડોક્ટર્સની આ ઈમોશનલ પોસ્ટ ખૂબ જ વાયરલ થઈ રહી છે. હૈદરાબાદના ડોક્ટર સુધીર કુમારે પોતાની સોશિયલ મીડિયા અકાઉન્ટ પર આ સમગ્ર ઘટનાને શેર કરી છે. અમુક ટ્વિટ દ્વારા તેમણે જણાવ્યું છે કે, ૬ વર્ષના માસૂમે તેમને શું કહ્યું હતું. તેમણે લખ્યું છે કે, બાળકની વાત સાંભળીને હું દંગ રહી ગયો હતો. મનુએ મને કહ્યું કે, તેના માતા-પિતાને ન બતાવતા કે તેને કેન્સર છે. પણ હું તેની પ્રોમિસ રાખી શક્યો નહીં. મેં મનુના પેરેન્ટ્સ સાથે વાત કરી. ડોક્ટર સુધીર કુમારે પોતાના ટ્વિટમાં લખ્યું છે કે, ઓપીડીમાં એક યંગ કપલ પહોંચ્યું અને તેમણે કહ્યું કે, તેમના દીકરા મનુને કેન્સર છે. તે બહાર રાહ જોઈ રહ્યા છે.

તેમણે કહ્યું કે, અમે નથી ઈચ્છતા બાળકને આ વાતની ખબર પડે. કપલે મને બાળકની સારવાર માટે કહ્યું. મેં મનું સાથે મુલાકાત કરી. તે વ્હીલચેર પર હતો. તેના ચહેરા પર મુસ્કાન હતી. બાદમાં મેં મનુની મેડિકલ હિસ્ટ્રી જોઈ અને તેના પેરેન્ટ્સ સાથે વાત કરી. બાદમાં બાળકે મને એકલામાં વાત કરવાની રિક્વેસ્ટ કરી. ડોક્ટરે આગળ લખ્યું કે, જેવા પેરેન્ટ્સ બહાર ગયા કે, બાળક બોલ્યો-ડોક્ટર મેં પહેલાથી જ મારી બિમારી વિશે વાંચી લીધું છે.

મને ખબર છે કે, હું ફક્ત ૬ મહિના જીવીશ. પણ આ વાત મારા માતા-પિતાને કહેશો નહીં. જો તેમને ખબર પડશે તો, તેઓ અપસેટ થઈ જશે. આપ તેમને બતાવતા નહીં. બાળકની વાત સાંભળીને ડોક્ટર ભાવૂક થઈ ગયા. હિમ્મત ભેગી કરીને તેમણે બાળકને જવાબ જરૂર આપ્યો. પણ બાદમાં બાળકના પેરેન્ટ્સ સાથે પણ વાત કરી. ડોક્ટરની વાત સાંભળી માતા-પિતા પણ ઈમોશનલ થઈ ગયા. હવે ડોકટરે આ સમગ્ર કિસ્સો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે.



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) શ્રી વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પવિત્ર ધનુર્માસ નિમિતે સ.ગુ.શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, શ્રી ગોવિંદપ્રસાદદાસજી સ્વામી,સ.ગુ.શ્રી દેવપ્રકાશદાસજીસ્વામી (ચેરમેન), શાસ્ત્રીશ્રી ડો.સંતવલ્લભદાસજી સ્વામી(મુખ્ય કોઠારીશ્રી) વડતાલધામ તથા પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી ધનુર્માસ અંતર્ગત આજે તા.૭ને શનિવારના રોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને દિવ્ય શણગાર ધરાવી ૧૫૧ કિલો ઘારીનો અન્નકૂટ ધરાવી સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી (અથાણાવાળા) દ્વારા તેમજ ૭ કલાકે શણગાર આરતી શ્રીકોઠારીસ્વામી દ્વારા કરવામાં આવેલ તથા સમગ્ર પવિત્ર ધનુર્માસ નિમિતે પારિવારિક શાંતિ માટે શ્રી હનુમાન ચાલીસ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. હજારો ભકતોએ દિવ્ય દર્શનનો લાભ લીધેલ.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ૭૫ અદ્‌ભુત વિન્ટેજ કારનું પ્રદર્શન

## પર્યટકો ખુશખુશાલ, રાજવી પરિવારો અને ઉદ્યોગપતિઓની એકથી એક ચડીયાતી કિંમતી અને આઇકોનિક કારનો જમાવડો







(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૭

નર્મદા જિલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રાંગણમાં રજવાડાના સમયની વિન્ટેજ કારની ખાસ રેલી અને પ્રદર્શન યોજાયા હતા. જેમાં ૭૫ જેટલી વિન્ટેજ કાર પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગુજરાતના પર્યટન વિભાગના સહયોગથી ૨૧ ગન સેલ્યુટ હેરીટેજ એન્ડ કલ્ચર ટ્રસ્ટ દ્વારા વિન્ટેજ ડ્રાઈવ યોજાઈ હતી.

રાજવી પરિવારો અને ઉદ્યોગપતિઓની એકથી એક ચડિયાતી કાર જોઇને અહીં આવેલા પર્યટકો આશ્ચર્યચકિત થઇ ગયા હતા અને મંત્રમુગ્ધ થઇ ગયા હતા. વિન્ટેજ કારમાં એવી ઘણી હતી કે લોકોએ તે પહેલીવાર જોઈ હતી. વડોદરાના લક્ષ્મીવિલાસ પેલેસથી સરદાર પટેલ એકતાનગર સુધીનું અંતર કાપીને આ વિન્ટેજ કાર અહીં પહોંચી હતી. પર્યટકો ખુબ જ રોમાંચિત થઇ ગયા હતા.(૨.૧૨)

# ગુજરાતના ૬૦ ટકા જીનીંગ યુનિટ બંધ

## મોટાભાગના ખેડૂતો આ વર્ષે નીચા દરે કપાસનું વેચાણ કરવા તૈયાર નથી



(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૭

જાન્યુઆરી મહિનો શરૂ થઇ ગયો હોવા છતાં રાજયના જીનીંગ યુનિટોમાં પુરતા પ્રમાણમાં કપાસની આવક થઇ રહી નથી. કપાસ સંગ્રહ કરવાની કેપેસિટી વધતા મોટાભાગના ખેડૂતો આ વર્ષે નીચા દરે કપાસનું વેચાણ કરવા તૈયાર નથી જેનાથી રાજયમાં જીનીંગ સેક્ટર પર પ્રતિકૂળ અસર થઇ છે. ઉદ્યોગપતિઓના જણવ્યા અનુસાર, આવું કદાચ પહેલી વાર બન્યું છે કે જાન્યુઆરીમાં લગભગ ૬૦% જિનિંગ યુનિટ કાચા માલની અનુપલબ્ધતાને કારણે બંધ રહ્યા છે.

જાણકારોના મતે, હવે ગુજરાત અને મહારાષ્ટ્રના ખેડૂતો કપાસનું વેચાણ પહેલાની જેમ કરતા નથી., ડિસેમ્બરના અંત સુધીમાં સમગ્ર દેશમાં કપાસની આવકમાં લગભગ ૧૫% ઘટાડો થયો છે. જેથી કપાસના ભાવમાં વધારો થયો છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય કપાસની સ્પર્ધાત્મકતાને અસર થઈ.

સૌરાષ્ટ્રના એક જીનીંગ યુનિટના માલિકના જણાવ્યા પ્રમાણે પ્રથમ વખત અમે એવી પરિસ્થિતિ જોઈ રહ્યા છીએ કે જયાં ખેડૂતો કપાસનું વેચાણ નથી કરી રહ્યા, જેના કારણે જાન્યુઆરીમાં અનેક જિનિંગ એકમો બંધ કરવાની ફરજ પડી હતી. ગુજરાતમાં લગભગ ૧,૩૦૦ જીનીંગ એકમો છે, પરંતુ હાલમાં માત્ર ૪૦% જ કાર્યરત છે. મહારાષ્ટ્રમાં પણ આવી જ સ્થિતિ છે. જિનિંગ સેકટર માટે નવેમ્બરથી જાન્યુઆરી પીક ટાઈમ છે. સૌરાષ્ટ્રના એકમો દક્ષિણ ભારતીય સ્પિનિંગ મિલોને કાચા કપાસની ગાંસડી સપ્લાય કરે છે. જેની ખરીદી પણ હાલમાં બંધ જેવી જ છે.

નિષ્ણાંતોના જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં સામાન્ય રીતે દર વર્ષે ડિસેમ્બરના અંત સુધીમાં ૩૫% કપાસની આવક નોંધાય છે. આ વર્ષે તે ૨૭ ટકા નોંધાયું છે કારણ કે ભાવ પાછલા વર્ષ કરતા ઓછા છે. ગુજરાતના કપાસના ખેડૂતો પાસે વધુ સ્ટોરેજ ક્ષમતા છે અને તેઓ ઊંચા ભાવની અપેક્ષાએ કપાસનું વેચાણ કરતા નથી.

# આજનું રાશિફળ

## મેષ (અ, લ, ઈ)



મેષ રાશિ માટે ગ્રહ ગોચર યોગ્ય પરિસ્થિતિ તૈયાર કરી રહ્યું છે. તમે અંદરથી અદભૂત ઉર્જા અને આત્મવિશ્વાસ મહેસૂસ કરશો. તમારી કાર્ય ક્ષમતા વધશે. યુવાનોને તેમના મન મુજબ કોઈ પણ કામ કરવામાં રાહત મળશે.

પરંતુ અમુક સમયે ભાવુકતા અને આળસના કારણે બનતા કાર્યોમાં વિધ્ન આવી શકે છે અને કેટલીક તક હાથમાંથી જઈ શકે છે. જેના કારણે તમને નુકસાનનો સામનો કરવો પડશે.

## વૃષભ (બ, વ, ઉ)



આજ બપોર બાદ પરિસ્થિતિ તમારા પક્ષમાં હશે. દિવસની શરૂઆતમાં તમારા મહત્વપૂર્ણ કાર્યો સાથે સંબંધિત રૂપરેખા બનાવો. સંતાન તરફથી કોઈપણ શુભ સમાતાર મળવાથી રાહત મળશે.

ઘરના વૃદ્ધોની ખાસ સંભાળ અને આદર કરવાની જરૂર છે. જેનાથી તેઓ પોતાની જાતને ઉપેક્ષિત મહેસસૂ ન કરે. ક્યારેક ક્યારેક તમારા સ્વભાવમાં સ્વાર્થના કારણે કોઈ પ્રિય મિત્ર સાથે સંબંધ ખરાબ થઈ શકે છે.

## મિથુન (ક, છ, ઘ)



થોડા સમયથી તમે તમારી અંદર અદ્ભુત પરિવર્તન મહેસસૂ કરી રહ્યા છો. અંદર છુપાયેલી પ્રતિભા અને નોલેજને ઓળખો તથા ઉપયોગ કરો. આ સમય દ્વારા કરવામાં આવેલી મહેનતથી નજીકના ભવિષ્યમાં યોગ્ય પરિણામ મળશે.

પરંતુ વધારે વિચાર કરવાથી ઘણી તકો હાથમાં નીકળી શકે છે. તેથી શક્ય તેટલી વહેલી તકે તમારી યોજનાઓ બનાવો અને તેનું કાર્ય શરૂ કરો.

## કર્ક (ડ, હ)



આજે કેટલાક કામમાં અપ્રત્યાશિત લાભની સ્થિતિ બની રહી છે. તમારા કામ પ્રત્યે એકાગ્ર રહેવું. તેના માટે કોઈપણ નાની યાત્રા પણ કરવી પડી શકે છે.

આવકની સાથે ખર્ચાની પણ સ્થિતિ રહેશે. પરંતુ ક્યારેક ક્યારેક તમારા વહેમ અને જીદના કારણે કોઈની સાથે સંબંધ ખરાબ થઈ શકે છે.

## સિંહ (મ, ટ)



આ સમયે, મહેનતનું યોગ્ય પરિણામ મેળવવા માટે, વ્યક્તિએ મહેનત તો કરવી પડશે. તેથી તમારી ઉર્જાને ભરપૂર ઉપયોગ કરો. જો પ્રોપર્ટી સંબંધિત યોજના બનાવી રહ્યા છો તો આજે તેને શરૂ કરવાનો સમય આવી ગયો છે.

તમે આજે તમારી કોઈ મહત્ત્વપૂર્મ વસ્તુ રાખીને ભૂલી શકો છો અથવા ખોઈ શકો છો. તેથી કોઈપણ પ્રકારની બેદરકારી ન રાખવી. મગજની નિર્ણય લેવો. ભવિષ્યની ચિંતાને છોડીને વર્તમાન પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું.

## કન્યા (પ, ઠ, ણ)



આજે ભાગ્ય તમારા પક્ષમાં છે. છેલ્લા કેટલાય સમયથી જે કાર્યોમાં અડચણ આવી રહી હતી, આજે તે કાર્યો પૂરા થવાનો સમય આવી ગયો છે. તમને તમારી મહેનતના અનુરૂપ યોગ્ય પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. ક્યારેક ક્યારેક તમારો શંકાસ્પદ સ્વભાવ તમારા અને બીજા માટે મુશ્કેલીનું કારણ બની શકે છે. તેથી તમારા વિચારોને સકારાત્મક રાખવા જરૂરી છે. કોઈપણ પેમેન્ટ પ્રાપ્ત થઈ શકે છે જેના કારણે આર્થિક સ્થિતિ થોડી કમજોર રહેશે.

## તુલા (ર, ત)



આજે બહારની પ્રવૃત્તિઓ પર તમારૂ ધ્યાન વધારે કેન્દ્રિત કરો. તેમજ યોજનાબદ્ધ રીતે તમારા કાર્યને પૂરું કરો. તમને તમારા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે.

ક્યારેક ક્યારેક બેદરકારીને કારણે અમુક તક તમારા હાથમાં નીકળી જશે. જેના કારણે સ્વભાવમાં અકારણ ગુસ્સો અને ચીડિયાપણું રહેશે.

## વૃશ્ચિક (ન, ય)



પ્રોપર્ટી સંબંધિત કોઈપણ પ્રકારના કાર્ય કરવા માટે આજનો દિવસ ઉત્તમ છે. ઘર માટે શોપિંગ પણ થશે. અત્યારે તમારી જીવનશૈલીમાં જે પરિવર્તન આવી રહ્યા છે તેનાથી તમારા સ્વાસ્થ્ય તથા પર્સનાલિટીમાં સુધારો આવશે.

વિદ્યાર્થીઓનું અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત નહીં થાય. જેના કારણે સમસ્યા થઈ શકે છે. કોઈ જૂની નકારાત્ક વાત ફરીથી કરવાથી નજીકના સંબંધીઓ સાથે સંબંધ ખરાબ થવાની આશંકા પણ છે.

## ધન (ભ, ધ, ફ, ઢ)



ઘરના નવીનીકરણ અથવા સુધારા જેવી યોજના બનશે. કોઈ આર્કિટેક્ટની સાથે ચર્ચા કરવી. આર્થિક સ્થિતિમાં સુધારો આવશે. જો કે કોઈપણ કામ કરતા પહેલા બજેટ તૈયાર કરવું જરૂરી છે.

તમારી વસ્તુની સંભાળ જાતે કરવી, ચોરી થવા અથવા ખોવાની સંભાવના છે. પ્રોપર્ટીના ચક્કરમાં કોઈ નજીકના સંબંધી અથવા ભાઈની સાથે ઝઘડો થવાની સંભાવના છે.

## મકર (ખ, જ)



આજે બીજાના કામમાં વધારે ધ્યાન આપવાની જગ્યાએ તમારા વ્યક્તિગત કાર્ય પર ધ્યાન વધારે કેન્દ્રિત રાખવું. બાળકોની તરફથી ચાલી રહેલી સમસ્યાનો આજે અંત આવશે. કોઈ લાભદાયક યાત્રા થઈ શકે છે.

કોઈપણ ઉપલબ્ધિ મળવા પર તરત તેના પર કાર્ય કરો. વધારે વિચાર કરવાથી સમય હાથમાંથી જતો રહેશે અને તે ઉપરાંત કોઈ અજાણી વ્યક્તિની વાતોમાં ન આવવું.

## કુંભ (ગ, સ, શ, ષ)



વિદ્યાર્થીઓને પણ થોડા સમયથી ચાલી રહેલી સમસ્યાથી રાહત મળશે.

ધ્યાન રાખવું કેમ કે આજે વધારે ખર્ચા થઈ શકે છે. તે સાથે પાડોસીની સાથે આ વાતને લઈને ઝઘડો પણ થઈ શકે છે.

## મીન (દ, ચ, થ, ઝ)



વૃદ્ધોને માન સન્માન આપવું. તેમના આશીર્વાદ અને સહયોગથી ભાગ્યોદયનું નિર્માણ થશે.

સ્વભાવમાં ધીરજ અને નમ્રતા રાખવી. ઉતાવળ તમારા અને તમારા પરિવાર માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

# ચાઈનીઝ દોરીના ઉપયોગનો પહેલો ગુનો ગુજરાતમાં નોંધાયો



## અમદાવાદમાં ધાબા પર ધસી ગયેલી પોલીસે એક શખ્સની ધરપકડ કરી

(એજન્સી સમાચાર)

અમદાવાદ,તા.૭

ચાઈનીઝ દોરીથી પતંગ તો કપાતા કપાશે પરંતુ માણસોના ગળા કપાતા અને તેનાથી લોકોએ જીવ ગુમાવતા આ મામલે હાઈકોર્ટે સખ્ત વલણ અપનાવતા પોલીસ સક્રિય બની છે. માત્ર ચાઈનીઝ દોરી વેચવા પર નહીં પણ ચાઈનીઝ દોરીથી પતંગ ઉડાડવી પણ ગુનો બને છે અને ચાઈનીઝ દોરીથી પતંગ ઉડાડનારની ધાબા પરથી ધરપકડનો ગુજરાતમાં પ્રથમ કિસ્સો અમદાવાદમાં નોંધાયો છે.

મકર સંક્રાતિએ રાજયમાં પતંગ ઉડાડવા આવે છે. ત્યારે તેના દિવસો અગાઉ તૈયારી થવા લાગે છે. પરંતુ એકબીજાની પતંગ કાપવા ચાઈનીઝ દોરીના છેલ્લા કેટલાંક વર્ષોથી ચલણના કારણે પક્ષીઓ તો ઠીક પણ ચાઈનીઝ દોરો માણસોના ગળામાં ભરાઈ જવાથી ગળાની નસ કપાઈ જવાથી મોતના બનાવો વધવા લાગ્યા છે. આ મામલે હાઈકોર્ટે પણ સખત વલણ અપનાવ્યુ છે. ત્યારે માત્ર ચાઈનીઝ દોરી વેચનારાઓ પર જ નહીં પણ ચાઈનીઝ દોરીથી પતંગ ઉડાડનારાઓ પર તવાઈ આવી છે. ગુજરાતમાં અમદાવાદમાં ચાઈનીઝ દોરીથી પતંગ ઉડાડનાર સામે પોલીસે કાર્યવાહી કર્યાનો ગુજરાતમાં પ્રથમ કિસ્સો નોંધાયો છે. અમદાવાદમાં ઘાટલોડીયા વિસ્તારમાં ચાઈનીઝ દોરીથી પતંગ ઉડાડનાર અજય વાઘેલાની પોલીસે ધાબા પરથી ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

**ઓફીસ ભાડે આપવાની છે**

ગોડલ રોડ પર, રામ ચેમ્બર્સ, પહેલો માળ, ફર્નિચર સાથે ઓફીસ ભાડે આપવાની છે. ભાડુ રૂ.૬૦૦૦

સંપર્કઃ ૯૮૨૫૩ ૧૭૬૦૭

# રાજકોટની ભાગોળે અપરાધખોરીના બહોળા અને વ્યાપક નેટવર્કના કબાટમાંથી એક પછી એક નીકળે છે નવા નવા હાડપિંજર

# એરપોર્ટ પોલીસ સ્ટેશન સુધી હપ્તા પહોંચાડવા રીતસર અલગ-અલગ વિસ્તારોમાં ખોલાયા છે 'ખાસ' સેન્ટર!?

એક હોટેલ પર તો દરરોજ ૫૦ જેટલી ગાડીના હપ્તાનો હિસાબ રાખવાની સુવિધાઓ ઉભી કરાઈ હોવાનો ધડાકો




ચોક્કસ હોટલો હપ્તાની રકમ સ્વીકારવાની 'સેવા' બજાવતી હોવાની ચર્ચાતી ચોંકાવનારી વિગતો

પથ્થરની ખાણ પેટે એરપોર્ટ પોલીસ સ્ટેશનને રૂ.૯૦ હજારનો હપ્તો મળતો હોવાની હકીકતનો વિસ્ફોટ કરતા જાણકાર વર્તુળો

## ચામુંડા હોટેલ પર દીપક, સંજય, અજય તેમજ બુટભવાની હોટેલ પર જયેશ નામના ઈસમો હપ્તાના 'વહીવટદાર'ની ભૂમિકામાં?

### દરરોજ ગેરકાયદે રેતી અને પથ્થર ખનનના હપ્તા ઉઘરાવીને એરપોર્ટ પોલીસ સ્ટેશનની કારકુની કરનારાઓના નામ પણ ખુલ્યા, કોર્પોરેટ સ્ટાઈલથી ગોઠવાયું છે આખું નેટવર્ક?

### ચામુંડા નામની હોટલ પર તો રોજની ૫૦ ગાડી ભરાઈને આવે અને બેડી ગામના ભરડીયામાં મોકલાતી હોવાના નેટવર્કની પણ રાજકોટ પોલીસને કોઈ જાણકારી નથી?

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

ગુજરાતના ભાગ્યે જ કોઈ શહેરમાં કે મહાનગરમાં જોવા મળતી હોય એવી પોલીસ અને ગેરકાનૂની ધંધાર્થીઓ વચ્ચેની લોખંડી અને મજબુત ઊંડી સાંઠગાંઠનો એક અનોખો નકારાત્મક ઈતિહાસ રાજકોટના પાદરની ભૂમિ પર આલેખાઈ રહ્યો છે અને અપરાધખોરીના બહોળા અને વ્યાપક નેટવર્કના કબાટમાંથી એક પછી એક નવા- નવા હાડપિંજર નીકળી રહ્યા છે.!! આ સમગ્ર મામલામાં વિવાદના મુખ્ય કેન્દ્રમાં આવેલું હીરાસર એરપોર્ટ પોલીસ સ્ટેશન ગુનાખોર તત્વો પરત્વે તેની બેદરકારી અને પગલા લેવામાં સદંતર નાકામીને કારણે શહેરભરના સભ્ય સમાજના સખ્ત ટીકાને પાત્ર બની રહ્યું છે. એરપોર્ટ સ્ટેશન વિસ્તારના ગામડાઓ અને એરપોર્ટની આસપાસ વસનારી જનતા તો એટલી બધી ત્રાહિમામ થઇ ગઈ છે કે, આ પોલીસ સ્ટેશનને તાળા જ મારી દેવા જોઈએ એવો આક્રોશ વ્યક્ત કરવા લાગી છે. જાણકાર સૂત્રો પાસેથી એવો નવો ચોંકાવનારો ખુલાસો મળ્યો છે કે, આ વિસ્તારમાં ચાલતા ગેરકાયદે ખાણ- ખનીજ- ખનન તથા હેરફેર સહિતના અનૈતિક ધંધાર્થીઓ પાસેથી એરપોર્ટ પોલીસ સ્ટેશનને જંગી પ્રમાણમાં નિયમિત હપ્તા પહોંચાડવા માટે કોર્પોરેટ સ્ટાઈલથી સમગ્ર અનૈતિક નેટવર્ક ગોઠવવામાં આવ્યું છે અને ખાસ અને ચોક્કસ સ્થળે હપ્તા વસુલી અને સ્વીકારના સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે. આ એવા હપ્તા વસુલી કેન્દ્રો છે જ્યાં નિયમિત ટ્રક દીઠ રોજેરોજ હપ્તા પહોંચાડી દેવામાં આવે છે અને એ સેન્ટરો મારફત થઈને હપ્તા એરપોર્ટ પોલીસ મથકના લાગતાવળગતાઓ સુધી પહોંચી જાય છે.તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. રાજકોટ પોલીસ માટે અને સમગ્ર કાયદો વ્યવસ્થાતંત્ર માટે શરમજનક બનતું જતું એરપોર્ટ પોલીસ સ્ટેશન તેના કારનામાંઓને કારણે આ વિસ્તારની જનતામાંથી વિશ્વાસ ગુમાવી બેઠું છે. કેમકે આ વિસ્તાર ગેરકાનૂની પ્રવૃતિઓનો રીતસરનો અડ્ડો બની ગયો છે. કેમકે ગેરકાનૂની પ્રવૃતિઓ કરનારાઓ પર એરપોર્ટ પોલીસના ચારેય હાથ છે જેના કારણે અહીં ગોરખધંધા રાત- દિવસ ફૂલીફાલી રહ્યા છે અને અહીં રહેનારા સભ્ય પરિવારો માટે કાયમનું શિરદર્દ બની ગયા છે.

એરપોર્ટ પોલીસ સ્ટેશનની કામગીરી પર ઝીણવટભરી નજર રાખી રહેલા જાણકાર અને આધારભૂત સૂત્રો તથા આ વિસ્તારના જાગૃત નાગરિકોએ એવો ચોંકાવનારો પર્દાફાશ કર્યો છે કે, એરપોર્ટ પોલીસ સ્ટેશન માટે હપ્તા ઉઘરાવવા અને વસુલ કરવાની ચોક્કસ પ્રકારની સેવાઓ અહીંની કેટલીક હોટલો જ બજાવી રહી છે. એ હોટલોના નામ અને હપ્તાની રકમ સ્વીકારનારા વહીવટદારોની પોલીસ મિત્રની ભૂમિકા હવે ઉઘાડી પડી ગઈ છે અને એ બધાના નામ સાથેની કર્મકુંડળી જાહેર થઇ ગઈ છે. આ વિસ્તારની ચોક્કસ હોટલો એરપોર્ટ પોલીસ સ્ટેશન માટે હપ્તા સ્વીકાર કેન્દ્રો બની ચુકી છે.

એક આખું નેટવર્ક કોર્પોરેટ સેક્ટરની ઢબે ગોઠવવામાં આવ્યું છે એવી ચોંકાવી દેનારી હકીકત વિશે માહિતી આપતા જાણકાર સૂત્રો જણાવે છે કે, આ વિસ્તારમાં ચામુંડા હોટેલ હપ્તા સ્વીકારના મુખ્ય કેન્દ્ર ગણાય છે. અહીં દીપક, સંજય અને અજય નામના શખ્સો પોલીસ માટે રાજીખુશીથી હપ્તા લેવાની અને જમા કરાવવાની અને પોલીસ સુધી પહોંચાડવાની સ્વૈચ્છિક સેવા બજાવી રહ્યા છે. આ હોટલ વિશે કહેવાય છે કે, અહીં દરરોજ ૫૦ જેટલી ગાડીઓ ભરાઈને આવતી હોય છે. કહેવાય છે કે, વસુન્દરા રોડ પર આવેલી ચામુંડા હોટેલ સમગ્ર ગોરખધંધામાં કેન્દ્રબિંદુ બની છે. અહીં આવતી ગાડીઓને બાદમાં બેડીગામમાં આવેલા ભરડીયામાં મોકલી દેવામાં આવે છે એવું બહાર આવ્યું છે. ટનદીઠ રૂ.૧૧૦ થી રૂ.૧૨૦ નું ભાવ (હપ્તા) બાંધણું થયું હોય તેવું સ્થાનિક લોકો કહી રહ્યા છે. આ એક જ હોટેલ પરથી એરપોર્ટ પોલીસ સ્ટેશનને સૌથી વધુ એટલે કે, રૂ.૯૦ હજારનો જંગી હપ્તો પહોંચાડવામાં આવતો હોવાનું સ્થાનીકોમાં કહેવાય છે.

બીજી એક હોટેલ જે હપ્તા સ્વીકાર કેન્દ્ર બની છે એ તો સરકારી ખરાબાની જમીન ઉપર જ બનાવી નાખવામાં આવી છે. બુટભવાની નામની આ હોટેલ બામણબોર વિસ્તારમાં છે. અહીં પથ્થરની ખાણોમાંથી ગેરકાયદે ખનન કરીને પથ્થરો ભરેલા ટ્રક વિના રોકટોક ભરીને રવાના કરવામાં આવે છે, જેના હપ્તા આ હોટેલ સુધી પહોંચાડી દેવામાં આવે છે અને વાયા બુટભવાની હોટલ થઈને જયેશ નામનો સેવાભાવી એરપોર્ટ પોલીસ મથકના સ્ટાફ માટે હપ્તાની રકમ પહોંચાડતો રહે છે. અહીંથી કાળા પથ્થર, બેલા, રેતી અને કપચીનું બેફામ અને બેહિસાબ ગેરકાયદે ખનન થઇ રહ્યું છે. જેનાથી સરકારને કેટલા કરોડનું નુકશાન થતું હશે તેનો હિસાબ કરવા બેસીએ તો અચ્છા- અચ્છા ગણિત શાસ્ત્રીનું માથું પણ ભમી જશે.

હપ્તા વસુલીના આ રીતે ખાસ સેન્ટર ચાલી રહ્યા છે. જ્યાં ટ્રક દીઠ રૂ.૨૫૦૦ થી રૂ.૩ હજારનો હપ્તો નિયમિત પહોંચાડી દેવામાં આવે છે. વિના રોકટોક કોઈ કાયદાની બીક વિના ખુલ્લેઆમ વેપલો થઇ રહ્યો છે. છતાં હપ્તાના બોજ હેઠળ પીસાયેલું એરપોર્ટ પોલીસ મથક ઉપકારવશ પગલા લેવામાં સદંતર નાકામ સાબિત થઇ રહ્યું છે. સરકારને કરોડો રૂપિયાનો ચૂનો ચોપડવામાં આવી રહ્યો છે. છતાં સરકારના કોઈપણ વિભાગના પેટનું પાણી હલતું નથી એ હકીકત દર્શાવે છે કે, ગેરકાનૂની ધંધાર્થીઓના હાથ સરકારીતંત્ર કરતા પણ વધુ મજબુત બની ગયા છે. નાણાની ચમક-દમકથી તંત્રને આંજી દેવામાં આવ્યું છે એટલે ધોળેદિવસે ચાલતા કાળા ધંધા કોઈને નજરે ચઢતા નથી. આટલા મોટાપાયે ચોક્કસ સ્થળો પર હપ્તા સ્વીકારવામાં આવતા હોય અને પોલીસને જાણ ન થાય એવું માની લઈએ તો એ મૂર્ખાયભર્યું ગણાશે. ચોક્કસ હોટલો અને ચોક્કસ તત્વો રીતસર પોલીસની કારકુની કરી રહ્યા છે પણ એમને ઉની આંચ આવતી નથી.

રાજકોટ પોલીસના માર્ગદર્શક ઉચ્ચ પોલીસ અધિકારીઓ અપરાધ લીલાને બંધ કરાવવા માટે હવે ત્રીજું નેત્ર ખોલે એ સમય હવે પાકી ગયો છે. જો એવું નહીં થાય તો અને આ દુષણ બંધ કરાવવામાં નહીં આવે તો આ વિસ્તારના સભ્ય પરિવારો માટે અહીં રહેવાનું અને જીવન જીવવાનું મુશ્કેલ બની જશે. હવે તો આ વિસ્તારની તોબા પોકારી ગયેલી જનતામાંથી એક જ અવાજ ઉઠી રહ્યો છે કે, કાં તો એરપોર્ટ પોલીસ સ્ટેશનને સુધારો, નહીંતર તેને અલીગઢી તાળા મારો.

## રાજકોટમાં મનપાની જોરદાર ખાદ્ય ગુણવત્તા ચકાસણી ઝુંબેશ, ૩ પેઢીને કુલ ૪૦ હજારનો દંડ

### ફૂડ વિભાગની ટીમો દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં 30 ધંધાર્થીને ત્યાં ચીકીના જથ્થાની ચકાસણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ખાદ્ય પદાર્થોની ચકાસણી માટે ઝુંબેશ વધુ વેગવાન બનાવવામાં આવી રહી છે. ૩ અલગ- અલગ પેઢીઓને ખાદ્ય પદાર્થની ગુણવત્તા બારામાં અલગ- અલગ થઈને કુલ રૂ.૪૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જયારે ચીકીનું ઉત્પાદન અને વેચાણ કરતી 30 દુકાનોમાં ચીકી ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી.

કોઠારિયા રોડ પર હુડકો ક્વાર્ટર નંબર ડી-૧૯ માં આવેલ સુધાંગ ડેરી ફાર્મમાંથી લેવાયેલ કેશર શીખંડના નમુનાની ચકાસણી બાદ સિન્થેટિક ફૂડ કલર જોવા મળતા નમુનો ફેઈલ થયો હતો. એ કેસમાં નિવાસી અધિક કલેક્ટર રાજકોટે પેઢીના માલિક સંજય વલ્લભભાઈ ખુંટને રૂ.૧૫ હજારનો દંડ કરવાનો હુકમ કર્યો હતો.

એ જ રીતે પેડક રોડ મેલડી માં મંદિર પાસે બોમ્બે સુપર હાઈટ્સ-૧ શોપ નંબર-૨૦ માં શકિત કોઠી આઈસ્કીમનો માવા બદામ આઈસ્કીમનો નમુનો મિલ્કફેટ વધુ હોવાથી ચકાસણીમાં સબસ્ટાનડર્ડ જાહેર થયો હતો. આથી પેઢીના માલિક પંકજ પરશોતમભાઈ ગોપાલકાને રૂ.૧૫ હજારનો દંડ કરવામાં આવ્યો છે. નાનામવા સર્કલ પાસે આરએમસી આવાસ યોજનાની બાજુમાં શ્રીરામ મસાલા માર્કેટમાંથી લેવાયેલ આખા મરચાનું નમુનો ફેઈલ થતા પેઢીના માલિક ભાવેશ અરજણભાઈ

(અનુ.પાના નં.૪ ઉપર)

## સાંઢીયા પુલ પર ભારે વાહનોની અવર-જવર બંધ કરવા એંગલ ફીટ કરાશે

### જામનગર રોડ તરફ જવા અને માધાપર ચોકડીથી આવવા માટે વૈકલ્પિક રસ્તા અંગે માર્ગદર્શન આપતી રાજકોટ મહાનગરપાલિકા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

જામનગર રોડ પર સાંઢીયા પુલ ઉપરની ભારે વાહનોની અવર-જવર બંધ કરવા રાજકોટ મહાનગરપાલિકાએ આગામી ૨૪ કલાકમાં પુલ પાસે અઢી મીટર ઉંચાઈના એંગલ ફીટ કરવાની જાહેરાત કરી છે. સાંઢીયા પુલ પર અવર-જવર બંધ કરવાના અનુસંધાને મનપાએ એંગલ ફીટ કરાવવાનું નક્કી કર્યું છે. એ પછી ભારે કોમર્શિયલ વાહનો, મલ્ટી એક્સલ વાહનો, એસ.ટી બસ, વોલ્વો બસ અને અઢી મીટરથી વધુ ઉંચાઈવાળા વાહનોએ નક્કી થયેલા વૈકલ્પિક રસ્તાઓ પરથી અવર-જવર કરવાની રહેશે.

સિવિલ હોસ્પિટલ ચોકથી જામનગર રોડ તરફ જવા માટે ઓવરબ્રિજ ઉતર્યા બાદ રૂડા કચેરી પાસેથી વળીને રેસકોર્સ રીંગરોડ થઈને રૈયા રોડ અથવા એરપોર્ટ રોડ પરથી માધાપર ચોકડી તરફ જઈ શકાશે. માધાપર ચોકડીથી આવતા સમયે સંજયનગર ૨૪ મીટર મેઈન રોડ અથવા બજરંગવાડી મેઈન રોડ પરથી ૧૫૦ ફૂટ રીંગ રોડ અને સિટી તરફ જઈ શકાશે. મનપાની યાદી અનુસાર ભારે વાહનો સિવાયના તમામ ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર, ફોર વ્હીલર, છકડો રીક્ષા અને ટેમ્પો રીક્ષા વગેરે રાબેતા મુજબ સાંઢીયા પુલ પરથી અવર-જવર કરી શકશે.(૨.૧૨)

### વેરા વસુલાત શાખા દ્વારા રીકવરી ઝુંબેશ અંતર્ગત

## ૮ મિલ્કતો સીલ, ૭૬ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

રાજકોટ મહાનગરપાલિકા વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ-૨૦૨૩ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી હતી. આજે વેરા વસુલાત શાખા દ્વારા કુલ ૮ મિલકતોને સીલ કરેલ તથા ૭૬ મિલકતોને ટાંચ જપ્તી નોટીસ અને રૂ.30.03 લાખની રીકવરી કરેલ.

સે.ઝોન દ્વારા કુલ -૬ મિલ્કતોને સીલ મારેલ તથા ૨૩- મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીક્વરી રૂા.૮.૦૨ લાખ, વેસ્ટ ઝોન દ્વારા કુલ- ૨૮-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂા.૯.૨૭.લાખ, ઈસ્ટ ઝોન દ્વારા કુલ -૨ મિલ્કતોને સીલ મારેલ તથા ૨૨- મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂા. ૧૨.૭૪ લાખ રીકવરી કરેલ.

આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી,મયુર ખીમસુરીયા, વિવેક મહેતા, નિરજ વ્યાસ તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેક્ટરઓ દ્વારા આસી.કમિશનર સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂ.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

## કલેકટર તંત્ર દ્વારા ૪ કરોડની કિંમતની ૬૦૦ ચો.મી.સરકારી જમીન ખાલી કરાવાઈ




### સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદે કરાયેલા બાંધકામો દૂર કરવા રાજકોટ જિલ્લા વહીવટી તંત્રની લાલ આંખ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૭

સાધુ વાસવાણી રોડ પરની અંદાજિત રૂ ૪ કરોડની કિંમતની ૬૦૦ ચોરસ મીટર જેટલી સરકારી જમીન રાજકોટ જિલ્લા વહીવટી તંત્રએ ખાલી કરાવી સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદે કરાયેલા બાંધકામો દૂર કરવા રાજકોટ જિલ્લા વહીવટી તંત્રએ લાલ આંખ કરી હતી.

રાજકોટ જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુના માર્ગદર્શન હેઠળ સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદે બાંધકામ કરાયેલા કોમર્શિયલ બાંધકામોનું ડિમોલીશન કરીને જગ્યાઓ દબાણ મુક્ત કરવામાં આવી રહી છે.

આજરોજ રાજકોટના સાધુ વાસવાણી રોડ પર સર્વે નં ૩૧૮ માં પ્લોટ નં ૬૯૭ ની ૨૦૦ ચોરસ મીટર કોમર્શિયલ બાંધકામ, પ્લોટ નં ૬૯૮ ની ૨૪૫ ચોરસ મીટર કોમર્શિયલ બાંધકામ અને પ્લોટ નં ૬૯૭ ની ૧૫૦ ચોરસ મીટર જમીનની સરકારી ખરાબાની કિંમતી જગ્યા ઉપર ગેરકાયદે બાંધકામ કરાયેલા ગેરેજ અને અન્ય બાંધકામો એમ થઈને ૪ જેટલી ઓરડીઓનું ડિમોલીશન કરવામાં આવ્યું હતું.

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.